Barcode - 99999990836562
Title - Professor thariyani athava khoja juvanone chimaki.
Subject -
Author -
Language - gujarati
Pages - 66
Publication Year - 0
Creator - Fast DLI Downloader
https://github.com/cancerian0684/dli-downloader
Barcode EAN.UCC-13

ફારસી ભાષાની

પદવી બેઃ

/ખેલ-

# પ્રોફેસર થા

અથવા

# ખોજા જુવાનો ને

કીમત

લખી પ્રગટ

F. U. વરતેઃ

ફારસી ભાષાના પહેલા
પ્રોફેસર મરહુમ

# કાસમ સુમાર થારીઆ

ટુંક જીવન વૃતાંત

અથવા

## ખોજા જુવાનોને ચીમકી.

લખી પ્રગટ કરનાર,


ફીદાહુસેન યુસુફ વરતેજવાળા.

( મનહર )


[ સર્વ હક્ક સ્વાધીન ]

કીંમત ૪ આના.

૩૨૮
...રાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ

# ...ી કોમમાં ગ[illegible] [illegible]-સંગ્રહ

—————•:•—————

## ગઝલ.

[illegible] ...મારા, અમારી કોમમાં ક્યાં છે ?
દીનોના દુઃખ હરનારા, અમારી કોમમાં ક્યાં છે ?
રખડતા ને રિબાતા કોમના છે બાળકો તેની,
દીલેથી દાઝ લેનારા અમારી કોમમાં ક્યાં છે ?
'રડે છે કેમ તું બાપુ' 'કહે શું દુઃખ છે તુજને'
શબ્દો એ ઉચરનારા અમારી કોમમાં ક્યાં છે ?
ખરેખર કોમની કિર્તિ મહીં કિર્તિ અમારી છે.
અહોનિશ એજ કહેનારા અમારી કોમમાં ક્યાંછે ?
કુધારા કોમના કાઢી સુધારા સ્થાપવા માટે
ગુણી થઇને ગરજનારા અમારી કોમમાં ક્યાં છે ?
કલમબાજો વધારીને અતિ આનંદની સાથે,
સદા સાહિત્ય ચાહનારા અમારી કોમમાં ક્યાં છે ?
અરેરે ! કોમની કિશ્તી ખરાબે ખાય છે ટક્કર,
સુકાની તેહના સારા અમારી કોમમાં ક્યાં છે ?

'શયદા'

गूजरात विद्यापीठ ग्रंथालय

[ गुजराती कॉपीराइट विभाग ]

अनुक्रमांक ૬૩૨૮ वर्गांक

पुस्तकनुं नाम પ્રોફેસર ધારિયાણી

विषय [illegible]

# બે બોલ.

મુંબઈની હાઈકોર્ટના એક આગલા જજ સર અરસ-કીન પેરીએ ખોજા કોમ માટે કરેલા સખત ટીકાઓને હમેશને માટે ભુંસી નાખવા, ખોજા પ્રોફેસર મરહુમ કાસમ સુમાર થારીયાણી, પોતાની ગરીબ સ્થિતિ હોવા છતાં આત્મબળ ( Will Power. ) ને પ્રતાપે કેટલીએક કંઢગી સ્થિતિયોમાંથી પસાર થઇ અંતે ફારસી ભાષાના પ્રોફેસરની મહાન પદવી પર કેવી રીતે પહોંચ્યા તેના દ્રષ્ટાંત રૂપે આજકાલના ખોજા યુવાનોને સંબોધી આ વૃતાંત લખવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે જેનો થોડે અંશે પણ સ્વિકાર થયેલો જોઇ આ પ્રયાસ સફળ થએલો ગણાશે. જો કે ખોજા કોમને લગતું આ ગુજરાતી વૃતાંત પ્હેલુંજ ગણાવું જોઇએ તોપણ આ નાનું સરખું વૃતાંત પુરે પુરૂં જોઇ જવાની કરેલી ભલામણ આદરને પાત્ર થશે એમ સંપુર્ણ આશા છે.

ખરેખર ખોજા કોમમાં સાર્વજનિક સાહિત્યની ખોટએ નિર્વિવાદ છે અને જો તેની બારિકીથી તપાસ કરવામાં આવે તો તેના આપણને અનેક કારણો જણાઇ આવશે પણ એ સર્વમાં મારા ધારવા મુજબ ધાર્મિક લાગણીયો અગ્રભાગ ભજવતી જણાય છે જ્યારે ખોજા સંસારને લગતું એકાદ પુસ્તક પ્રગટ કરવામાં આવે તો પ્રથમથીજ તેનો લેખક તથા ખોજા કોમના ત્રણ ટોળાંમાંથી કયા ટોળાંને લગતા વિચારો તેમાં સમાવવામાં આવ્યા છે તે સવાલ આવીને તુરતજ ઉભો રહેશે. આથી જો કોઇ તેવી બાબતમાં વાર્તા કે નોવેલ રૂપે બહાર પડવાની હીંમત કરે તો જેમ 'બે ઘરનો પરોણો ભૂખ્યો મરે' એજ દશાએ પહોંચી જાય છે જે આપણે અગાઉ પ્રગટ થએલી ખોજા સંસારિક નોવેલો પરથી જોઇ શકયા છીએ. વળી જ્યારે કોઇ પણ એકજ ટોળાને લગતું જો કંઇ પણ લખવામાં આવે તો તેવી પહેલ માટે કંઇ પુરતું ગણી શકાય નહિ. પણ હાલના સંજોગોને લઇ કેળવણીને પ્રતાપે ભાઇચારાનો અગ્રભાગ ભજવી રહેલા આજકાલના જુવાન વર્ગને અસર પડતું, ખોજા કોમને લગતું આ નાનું એવું વૃતાંત, કોઇ પણ ધાર્મિક લાગણીથી અલગ રાખીને

હું પ્રગટ કરવાની હિંમત કરૂં છું, અને મારા આ કાર્યથી મારા પર ધાર્મિક બાબતોમાં અલગ રહેવાનો વિશ્વાસ જો વાંચક વર્ગમાં બેસશે, તેમજ જો તેઓ ઉ-તેજક થવાનું મોટું મન બતાવશે, તો હું આશા રાખું છું કે, ભવિષ્યમાં મને બીજા બોજા કોમને લગતા સંસારી પુસ્તકો લખવાની કે પ્રગટ કરવાની કેટલીએક તક મળશે, જેથી હું પણ મારી યથાશક્તિ ફરજ બજાવવાને પગભેર થઇ શકીશ પણ તે સર્વ આધાર વાંચકો અને ઉ-તેજકોના ઉદાર આશ્રયપર ટકી રહેલો છે.

આટલું બોલી ગયા પછી મારે કહેવું જોઇએ કે બોજા કોમના આગેવાન શ્રીમંતો સાહિત્યને અને ખાસ કરી બોજા સાહિત્યને લગતી બાબતોમાં કેટલીએક રીતે જો કે આંખ વિચામણા કરતા જણાય છે છતાં પણ આ વૃતાંત પ્રગટ કરવા માટે કોમના એક આગેવાન ગૃહસ્થ કે જેવણ પોતાની મોટાઇને મ્હેણાંના બાના હેઠળ પોતાનું નામ પ્રગટ કરવાની પરવાનગી આપતાં સખત રીતે અચકાયા છે. જેમણે મુરબ્બી તરીકે મોટું મન બતાવી પૈસા સંબંધિ અગત્યની મદદ આપી છે, જે

કોમના બિજા શ્રીમંતોને દાખલા રૂપે અર્પણ કરી, તેમનો ખરા અંતઃકરણથી ઉપકાર જાહેર કરવા રજા લઉં છું

છેવટે આ વૃતાંતને લગતી કેટલીએક બાબતો પુરી પાડયા માટે ખોજા પબ્લીશીંગ કું ના સેક્રેટરી મી. રમઝાન અલી રજબઅલી તથા સર કરીમ ભાઇ ઇબ્રાહીમ ખોજા આર્ફનેજના સુપરીનટેન્ડેન્ટ મી. અબદુલ્લનબી બાના માસ્તરની ઉપયોગી સુચનાઓ માટે આતકે ઉપકાર માનું છું એજ તા. ૧—૮—૧૬

લી. સેવક,

વરતેજવાળા.



૭૮૬

## મરહુમ.

# પ્રોફેસર થારીયાણી.

(ખોજાઓમાં) શીખેલા માણસોને ટોટો છે અને વિદ્વાનો તો હોયજ કયાંથી? એક પણ ખોજો અરબી અથવા ફારસી ભાષા જાણતો નથી કે જે ભાષાઓમાં મુસલમાની ધર્મ અને સાહિત્ય લખાયલાં છે.

સર અરસકીન પેરી સન ૧૮૪૭.

અહા! એક એવો પણ વખત હતો કે ખાસ ખોજા કોમ માટે ઉપરના શબ્દો મુંબઇની હાઇકોર્ટના એક વિદ્વાન જજના મુખમાંથી ખુલ્લી કોર્ટમાં ટીકા રૂપે બહાર પડયા હતા. પણ હમેશાં વખત વખતનું કામ કર્યે જાય છે પચાસ વર્ષ પૂર્વેની આપણે જેવાતો હસી કહાડતા હતા, તેજ વાતો અને તેજ કલ્પનાઓ આજે આપણે તાદર્શ જોઇને શું અજબ નથી થતા? પાંડવ કૌરવના મહાભારત ઐતિહાસિક યુધ્ધમાં વપરાયલાં વિમાનોની વાતો જો આપણે

અતિશ્યોક્તિ ભરેલી માત્ર કલ્પનાઓ માનિયે તો આજકાલ બલુન, એરોપ્લેન, અને ઝેપલીન, જેવા રાક્ષસી હવાઈ યંત્રો અથવા વિમાનો હાલની ચાલુ યુરોપની ભયંકર લડાઈમાં શું ! કરપીણુ કામો કરનાર તરીકે સાબિત નથી થયાં? પ્રાચીનકાળમાં જ્યારે શારિરિક બળ શ્રેષ્ટ ગણાતું હતું ત્યારે અર્વાચીન કાળના આત્મ બળીયા આદમીઓ એ પણ શબ્દો ઉચ્ચરવાને શક્તિવાન થયા છે કે 'બળવાન તો એક ગધેડો પણ હોય છે.' દીન પ્રતિદીન આગળ અને આગળ વધતો જમાનો આપણને એજ સુચવી રહયો છે કે 'આત્માનું બળ એજ મનુષ્યની ઉન્નતિ' વળી આપણે જોઇ શકીયે છીયે કે એક મોટો પહેલવાન એક પતળા દુબળા વકીલ પાસે પુર્ણ નમ્રતાથી વાતો કરતો જણાય છે. તેમજ આત્મ બળથી કોઇપણ માણુસ એક કંગાળ હોવા છતાં પણ એક મહાપુરૂષ થઇ પોતાનું, પોતાના કુટુંબનું, પોતાની કોમનું કે પોતાના દેશનું પણ ભલું કરવાને શક્તિવાન થઇ શકે છે.

તેજ મુજબ ખોજા કોમ માટે ઇ. સ. ૧૮૪૭ માં થયેલી ઉપર મુજબની ટીકારૂપ એ કાળા કલંકને હમેશને માટે દુર કરવા આત્મ બળને યોગે આગળ વધેલા, એક

મહા નર નરીકે પંકાયલા આગેવાન ખોજા ગૃહસ્થનું આ ચરિત્ર આત્મ બળથી આગળ વધવા ઇચ્છતા દરેક જુવાન અને વિદ્યાર્થી વર્ગ સાથે ખાસ કરી ખોજા કોમના તેઓની ઉપકારની લાગણીઓને આધીન થઇ દરેકે દરેક રદયમાં કોતરાઈ રહેવું જોઇએ છે.

'સારા કામમાં સો સંકટ' એ જગ પ્રસિદ્ધ લોક કહેણી મુજબ આ ચરિત્રના નાયક મરહુમ પ્રોફેસર **કાસમ મુબાર થારીયાણીની** આગળ વધવાની અડચણો જાણ્યા અગાઉ આપણે તેમના માતપિતાની સ્થિતિ તપાસીયે છીયે તો માલુમ પડી આવે છે કે તેઓ પોરબંદરમાં એક જુના ખાનદાનમાંથી ઉતરી આવેલા પણ દૈવયોગે છેક નબળી સ્થિતિમાં મુકાયલા હતા પણ પોતાના આ વહાલા બેટા તરફ જોઈ તેઓને પોતાનું સઘળું દુખ વિસારી જવાને કારણ મળતું હતું કારણકે તેઓ 'પુત્રના પગ પારણામાંથી કળાય' તે મુજબ જાણતા હતા કે ભવિષ્યમાં આ પુત્ર તેઓના સર્વ દુખનું નિવારણ કરવાને શકિતવાન થશે અને અમો પણ આ ગરીમાંથી મુકત થશું. ખરેખર છે કે માબાપની દરેક આશાઓ દીકરાજ હોય છે.

હવે આપણે આપણા ચરિત્રના નાયકની બાલ્યાવસ્થા જોઇયે તો તેઓનો જન્મ ઇ. સ, ૧૮૬૮ માં પોરબંદરમાંજ થયો હતો અને લગભગ ૭ સાત વર્ષની ઉમ્મરે તેઓને શરૂઆતની કેળવણી માટે એક ગામઠી શાળામાં દાખલ કરતી વખતે તેઓના ગરીબ માબાપ પોતાથી બનતો દરેક ઉત્સવ કરવાને ચુકયા નહીં કારણ કે અગાઉ જ્યારે એક બાળકને વિદ્યાર્થી તરીકે શાળામાં બેસારવામાં આવતું ત્યારે તે બાળકના માબાપ સારી વાર તિથી તથા મુહુર્ત જોવરાવી તે સમયે તે બાળકને પોતાની સ્થિતિ મુજબ આભુષણોથી શણગારતાં તથા બીજા વિદ્યાર્થીઓ અને શાળાના મ્હેતાજી-યોના સરઘસ સાથે તેને ગામ વચ્ચેથી ઘણા હર્ષના અવાજોથી પસાર કરતા નિશાળમાં જઈ મ્હેતાજીયોને પાઘડીયો બક્ષીસ આપતા અને નિશાળીયાઓમાં સાકર વ્હેંચતાં તે મુજબ પ્રોફેસર થારીનાણીના માબાપે પોતાથી બનતું થોડું કર્યું અને ત્યારથી મરહુમનું એક વિદ્યાર્થી તરીકેનુ જીવન શરૂ થયું.

ચપળ છોકરૂં સર્વનો ચાહ મેળવે એ મરહુમનાં વિદ્યાર્થી જીવનમાં તાદર્શ થયું કારણકે પોતાના વિદ્યાર્થી જીવનમાં મરહુમે ઘણી ચાલાકી બતાવી મ્હેતાજીઓનો ચાહ

જીતી લીધો અને વળી પોતાના અભ્યાસની પુર્ણતાને લઈ અન્ય વિદ્યાર્થીયો પણ તેને પોતાના એક વડા તરીકે લેખવા લાગ્યા જયારે કેટલાએક શ્રીમંતના ઠોઠ છોકરાઓ પાઈ પૈસો લઇ પાઠો અથવા હિસાબો લખી આપવાને કહેતા ત્યારે તે નિર્મળ હૃદયનો વિદ્યાર્થી તે પર ન લલચાતાં લાગલો તે પોતાનાં મેહતાજીઓ અથવા માબાપને જઈ તુરત જાહેર કરી દેતો વળી તેમના વિદ્યાર્થી જીવનમાં તેના મ્હેતાજીયો અને માબાંપ તરફ તેના ઉપર એવી છાપ બેસારી દેવામાં આવી હતી કે હમેશાં વહેલાં ઉઠવું, ખુદાની બંદગી કરવી, પછી એક બાજુ બેસી પોતાના અભ્યાસ પાછળ મચ્યા રહેવું, માબાપની દરેક આજ્ઞાઓ પાળવી. નિશાળમાં જતાં અને નિશાળેથી જતાં સીધા ઘેર અથવા નિશાળમાં જવું, અને નિશાળમાં પણ પોતાના અભ્યાસ સિવાય બીજી વાતોથી વખતને વ્યર્થ વિતાવવો નહીં અને એ દરેક ફરજો મરહુમે ઘણાજ આગ્રહ પુર્વક પાળી હતી કે જેની શુભ અસર અને તેના ઉત્તમ ગુણો મરહુમમાં મોટપણે પણ ઉગી નીકળ્યા હતા.

શરૂઆતની ગુજરાતી કેળવણી લગભગ પુરી કર્યાં પછી મરહુમને પોતાનો અભ્યાસ આગળ ચલાવવાનો

ઉત્સાહ ઊગી નીકળ્યો પ્રણ કર્મ સંજોગે હાલના જેવી ઇંગ્રેજી હાઇસ્કુલો તે સમયે સ્થળે સ્થળે હસ્તીમાં નહોતી વળી ઇંગ્રેજી કેળવણીનું માત્ર મુંબઇજ મુખ્ય મથક મનાંતું અને હાલના જેવી કોઈ શેઠીયાઓની સંગીન સ્કૉલરશીપો કે મદદ તે વખતે હસ્તીમાં નહોતી તેમજ પોતાના કુટુંબની સંસારિક સ્થિતિ પણ તેઓને આ બાબતમાં ઉ-તેજન આપવાને તદન અશસ્કત જણાઇ તેથી હાલ તુરત મરહુમને મુંબઇ જવાનો વિચાર માંડીવાળવો પડયો અને કંઇ ચાકરીનો શોધ શરૂ કરી છેવટે ઘણી મેહનત પછી એક અફીણ વેચનારની દુકાને ગોઠવાઈ પણ ગયા પણ ત્યાં તેઓએ જોયું કે તે દુકાનદારનો મુદ્રાલેખ માત્ર ઓછું આપી છેતરવું એજ છે અને મારે પણ ફરજીયાત તે મુજબ વર્તવું પડશે એવું ધારી આવી છળ કપટ ભરી ચાકરી છોડવી એજ ઉત્તમ ગણી કોઇ હુન્નરની લાઈન હાથ કરવાનો નિશ્ચય કર્યો ઘણી શોધ ખોળ પછી તે સમયે ઘડીયાળનો શોખ તાજો નવો અને માણસોમાં અધિક ચાલતો જણાયો અને તેને દુરૂસ્ત કરનાર કારીગરો પણ સારી રીતે કમાતા દેખાયા તેથી તેને લગતી એક દુકાનમાં મરહુમ કેન્ડીડેટ તરીકે જોડાયા પણ અફસોસ! મરહુમે અહીં પણ જોયું કે

અભણ માણસોને આડી અવળી રીતે સમજાવી એકના ત્રણ ગણા દામ લઇ તેઓની ઘડીયાળોના સંચાઓને અદલબદલ કરી માત્ર છેતરવામાંજ મોટાપ મનાતી હતી તેથી તે ધંધા તરફ પણ તેમને તિરસ્કાર છુટયો અને તેને ત્યાગ્યે પણ હવે પોતાના કુટુંબના નિર્વાહની મદદ માટે શું કરવું તે વિચારો તેમને રાતદિવસ સતાવવા લાગ્યા અને બીજી બાજુ પોતાની ઉમ્મર પણ હજુ ભણવા લાયકની છે એ યાદ આવતાં તેઓ ખાનગી રીતે ઘણા ચિંતાતુર રહેતા પણ આત્મ બળીયો આદમી જેમ પોતાની ચિંતાને ઝટ દુર કરી શકે છે તેમ તેઓએ પોતાનો અભ્યાસ તાજો રહી આગળ વધે અને સાથે નિર્વાહનું પણ થોડે અંશે સાધન થાય એવા ઇરાદાથી એક સ્કુલ સ્થાપવાનો નિશ્ચય કર્યો અને થોડી ઘણી મ્હેનત પછી નાની એવી શરૂઆત પણ કરી દસબાર વિદ્યાર્થીયો પણ મેળવ્યા, પણ કેટલાએક સંજોગોને લઇ તેઓને વિષેશ મદદ ન મળી શકવાથી છેવટે તેને છોડવી પડી, પણ આ સમયમાં તેઓને કવિતાનો અને ખાસ કરી સંગીતનો પુર્ણ શોખ લાગુ પડયો અને તેની તરફ કુદરતી રીતે તેઓ લલચાયા.

તેઓ એક વખત કાઠીયાવાડમાં ફરતી નાની એવી નાટક ટોળકીમાં ખેલ જોવાને ગયા જે વખતે તેઓનો સંગીતનો શોખ એકદમ ઉભરી આવ્યો અને જો પોતાથી બન્યું હોત તો તેઓ તુરતજ તે નાટક કંપનીમાં જોડાઇ જતે અને એક નાટકના પાત્ર તરીકેજ પોતાની જીંદગી ગુજારતે પણ ઉપરના ઉત્સાહમાં તેઓ પાછા પડી નિષ્ફળ નિવડવાથી આત્મબળથી ઉલ્ટા નિડર થઇ આટલી નાની ઉમ્મરમાં પણ આપણે જેને હાલ એમેચ્યુઅર મંડળી કહીયે છીયે તેવી મંડળી પોતાના દોસ્તોની મદદથી ઉભી કરી અહા! પણ કુદરતે તેમને એક મહાનર બનાવવાનું ઠરાવેલું હોવાથી તેમની તે યોજના પણ ભાંગી પડી આથી તેઓ એકદમ કંટાળી ગયા અને કોઇ પણ પ્રકારે હવે તો અભ્યાસમાંજ મચ્યા રહેવું એજ દૃઢ નિશ્ચય કર્યો. અને કેટલીએક આડી અવળી નજીવી મદદ અને કેટલીએક વિટંબણાને ભોગે તેઓ મુંબઇ જઇ પહોંચ્યા અને પોતાનાં એવાજ દૃઢતા ભર્યા ઉત્સાહ પુર્વક અભ્યાસમાં લીન થઇ આખરે ઇ. સ. ૧૮૮૬ માં એલફીન્સ્ટન હાઇસ્કુલમાંથી મુંબઇ યુનિવરસીટીની મેટ્રીકયુલેશનની પરિક્ષા ઘણીજ ફતેહમંદી સાથે પસાર કરી.

પણ પોતાના આ અભ્યાસ સમયે મરહુમે સર અરસડીન પેરીના આ ચરિત્રના મથાળે આપેલાં વાક્યો અને ટીકાઓ વાંચ્યા હતા જેથી તેમણે દૃઢ નિશ્ચય કર્યો હતે કે **'કોઈ પણ ભોગે હું ખોજા કોમ ઉપરનું એ મ્હેણું દુર કરીશ અને એક વખત એવું પણ કહેવરાવીશ કે ખોજા કોમમાં ફારસી ભાષાનો પ્રોફેસર પણ છે.'** અને તેમણે પોતાની તે દૃઢતાની શરૂઆત પુરતી રીતે સાબિત પણ કરી આપી કારણ કે તેઓએ શરૂઆતથીજ પોતાની સેકન્ડ લેંગ્વેજ તરીકે ફારસી ભાષાનેજ પસંદ કરી હતી અને પોતાથી બનતી સઘળી મ્હેનત બીજા વિષયો ઉપરાંત ફારસી ભાષા પાછળ લેતા અને તેને ખીલવતા છેવટે તેમણે પોતાની એ અથાગ મ્હેનત ઘણી અજાયબી વચ્ચે જાહેર કરી મેટ્રીકયુલેશનની પરિક્ષામાં ફારસી ભાષાના સર્વ વિદ્યાર્થીઓમાંથી ફત્તેહમંદ રીતે પહેલે નંબરે પાસ થયા તેમજ તેમની આવી ઉલટ ભરી મ્હેનતની કદર પણ થઇ અને તેને પરિણામે તેઓ સરફ્રાંકસુટરની જાણીતી સ્કોલરશીપ મેળવવાને ભાગ્યશાળી થયા.

એક તો અભ્યાસ કરવો અને તેની મ્હેનતનું ફળ પણ તુરતજ પ્રાપ્ત થયું એટલે તેઓ આગળ અભ્યાસ કરવા વધુ પગ ભેર થયા અને ઘણી મોટી ઉમેદો અને અતિશે ઉમંગ સાથે એલફીન્સ્ટન કોલેજમાં જોડાઇ પોતાની માનીતી ફારસી ભાષા પર પોતાનો વધુ અને વધુ કાબુ વધારતા ગયા જ્યારે બીજા વિષયોને તેઓએ કંઈ અધુરા છોડયા નહીં પણ ફારસી ભાષાની ટેકસ્ટ બુકોને તો તેઓ માત્ર ગુજરાતી ભાષાની સાધારણ બુકો ગણતા જ્યારે તેમની સાથના અન્ય વિદ્યાર્થીઓ તે બુકોને અઘરામાં અઘરાં પુસ્તકો ગણતાં, વળી તેમની ખાસ અને વખાણવા લાયક અભ્યાસની ખુબી તો પ્રથમથીજ એ હતી કે ચાલુ કલાસના અભ્યાસ ઉપરાંત અવારનવાર ઉપરની કલસોના અભ્યાસનું તેઓ એવા ઉત્સાહથી અવલોકન કરી જતા, કે તેમને આગળ જતાં કંઈ પણ અડચણો આવતી નહીં પણ ઉલટો તેમનો સર્વ માર્ગ સીધો અને સરળ થઇ જતો. આવી ઉત્તમ કુનેહને લીધે તેઓએ પોતાની કોલેજના વિદ્યાર્થી તરીકેની જીંદગીમાં એવું એક પણ ઇનામ કે સ્કોલરશીપ નહીં હશે કે જુવાન મરહુમ થારી-યાણી તેની હરીફાઇમાં ઉતરવાને ભાગ્યેજ ચુકયા હોય.

આગળ જતાં ઇન્ટરમીડીયેટ આર્ટસના કલાસમાં પણ તેમણે એ ઉપરનીજ સરક્રાંકસુટરની સ્કોલરશીપ ઘણીજ બાહોશી બતાવી મેળવી પણ અફસોસ ! ! ! આ વખતે આપણા આ આત્મબળીયા વિદ્યાર્થીને હિણભાગી હિન્દુસ્તાનની જંગલી રિતીને આધીન થવું પડયું એટલે કે જયારે એક બાજુ જુવાન મી. થારીયાણી પોતે આગળ વધવા ઉત્સાહી થઇ અથાગશ્રમ ઉપાડી રહયા છે ત્યારે બીજી બાજુ હિન્દુસ્તાનના સડેલા સંસાર મુજબ તેઓને પોતાની હજારો નામરજી છતાં ફરજીયાત રીતે સંસારમા જોડાવું પડયું આથી હવે તો તેને માથે વધારે અને વધારે ચિંતા આવી બેઠી, કારણ કે ગામડાં કરતાં દશ ગણા ખર્ચથી મુંબઇ જેવા ખરચાળુ શહેરમાં રહેવું અને પોતાના કુટુંબના પોષણ માટે ચિંતા વેઠવી, પણ તેની કંઇપણ દરકાર ન કરતાં તે ઉછરતા આત્મ બળીયા જુવાનીયાએ કોઇ પણ વાતે પાછો પગ મુકયો નહી અને લગભગ નહી પહોંચી શકાય તેવી મુસ્કેલીયો આવવા છતાં તથા પોતાની તનદુરસ્તીને કેવું કેવું નુકસાન થાય છે તે પણ જોવાની દરકાર ન કરતાં પોતાના અભ્યાસને ઘણીજ ખંત અને વખાણવા લાયક આતુરતાથી ચાલુ રાખ્યો.

આવા સંજોગોમાં તેઓએ ફારસી ભાષાપર પોતાનો અસાધારણ કાબુ બતાવી તે સમયના ફારસી ભાષાનાં પ્રોફેસર **'મીરઝાં હયરત'** ના દીલપર ઊંડી અને મજબુત અસર પેદા કરી દીધી હતી કે જે અસરથી આપણે આગળ જતાં જોઇશું કે તેવણની જીંદગીનો આખો રસ્તો બદલાઇ ગયેલો માલમ પડશે. અહા! જ્યારે એક વિદ્યાર્થી પ્રોફેસર હયરત તરફ જેટલા પ્રમાણમાં પ્રેમભાવ બતાવતો તેટલાજ પ્રમાણમાં તે ગુરૂ ( પ્રોફેસર હયરત )ની પસંદગી પણ તે વિદ્યાર્થીની ઉત્સાહ ભરી શકિત તરફ વળતી ખરેખર પ્રેમની પ્રતિમા અજબ છે.

મરહુમ પ્રોફેસર હયરતનો કૉલેજનો વિદ્યાર્થી તેના બુઢાપામાં ફકત એક દોસ્તજ બની રહેતો પણ એલ્ફીન્સ્ટન કોલેજમાં તેના મર્ણ પછી તેની ફારસી ભાષાની ખુરસી ઉપર પણ બેઠો અને તેના છેલ્લા વીલ એટલે વસિયતના માનો એકઝીકયુટર પણ બન્યો.

અહા! ઇલમ!! ઇલમ!!! તારા વિના કરોડો રૂપિયાની દોલત એક ગધેડા પાસે સાકરના ઢગ સમાન છે તે બિચારો હેવાન ખર શું જાણે ? કે સાકર એક દુનિયાનું અમૃત છે તેમજ એક ઇલ્મ વિનાના આદમી પાસે કદાચ

જો અબજો રૂપિયા પણ એકઠા થયા હોય પણ તે પામરને તેના સદઉપયોગની શી સમજ પડે ? એક પૈસા વિનાનો એટલે ગરિબ પણ ઇલમથી કેળવાયલો માણસ એક માલો' તુજ્જાર અભણ શેઠીયા કરતાં હજારો હજારગણી સુખી અને સારી જીંદગી ગુજારી શકે છે. 'વસુવિના નરપશુ' એ કહેતી ભલે હિન્દુસ્તાનના કેળવાયલા માણસે એ જોડી કહાડી હોય પણ આ દુનિયામાં કેળવણીની સર્વોપરી સત્તા ભોગવતા યુરોપીયનો અને અમેરીકનોએ આપણને સારી રીતે સાબિત કરી આપ્યું છે કે '**વિદ્યાવિનાનો માણસ નિત્ય નવા મેવા ખાનાર વાંદરાથી પણ બદતર છે.**' તેજ મુજબ આપણા ચંચળ કોલેજીયને જોઈ લીધું કે આપણો દેશ અને ખાસ કરી આપણે તો અન્ય દેશો કરતાં કેળવણી સબંધે માત્ર અંધારામાંજ છીયે આ વખતે જો કે તેઓને અભ્યાસ છોડી સારી કમાઈ કરવા આજુબાજુથી લાખો રીતે લલચાવવામાં આવ્યા પણ તે દૃઢ મનના વિદ્યાર્થીએ તેની જરાપણ દરકાર ન કરી અને પોતાના અભ્યાસની ઉન્નતી એજ પોતાના અને પોતાના આત્માની ઉન્નતી માન્ય રાખી તથા વિદ્યાનું સંપાદન એજ પોતાનું જીવન ગણી સન ૧૮૮૯ માં એજ એલ્ફીન્સ્ટન કૉલેજમાંથી

ઘણાજ માન સહિત તે સમયે કૌતુક સમાન ગણાતી લીટરેચર્ લાઇનની બી. એ. ( B. A. ) ની પરિક્ષા અગાઉના જેવા ઉત્સાહ અને ફ્-તેહમંદી સાથે પસાર કરી.

અહા ! એ પણ એક અજબ સમય હોય છે કે જો એક માણસની નવી મ્હેનતનું પરિણામ ફ્-તેહમંદ રીતે પાર પડે છે તેમજ તે સમયે આપણા આ બાહોશ બી. એ. ના વિદ્યાર્થીપર ચારે તરફ્થી તેની ફ્-તેહમંદીની મુબારકબાદી માટે તારો છુટયા અનેક ભેટ સોગાદો આવી અને કેટલીએક તરફ્થી તેમને આવકાર આપનારા કાગળો અને રજીષ્ટરો આવવા લાગ્યા મિત્રમંડળોમાં મેળાવડાઓ ભરાયા અને તેમના માનમાં ગુણગાન ગવાયા અને અનેક ઓફીસોમાંથી તેમને માટે મોંઘા પગારે માગણીઓ પણ થઈ.

હું કહું છું કે આવા સમયે હાલનો નબળા મનનો વિદ્યાર્થી તો બી. એ. પણ થયા અગાઉ કયારનોએ કોઇ નોકરી માટે ફાં ફાં મારતોજ હશે જ્યારે મરહુમે આવી રીતે ફ્-તેહમંદ થવા છતાં પણ અને અનેક ઑફ્રો આવવા છતાં પણ પોતાનો અભ્યાસ આગળ વધારવો એજ મુદ્રા લેખ માન્યો અને તેને મજબુત રીતે વળગી

પણ રહ્યા વળી બોજા કોમ માથે સર અરસકીન પેરીએ મુકેલા કાળા કલંક રૂપ એ સખત ટીકાઓ તેમને સારી રીતે યાદ હતા અને જ્યાં સુધી તેને પોતા તરફથી ભુસાવી નાખવામાં ન આવે ત્યાં સુધી બીજી કે.ઇ ઓારીસ લાઇનમાં જોડાવાનો વિચાર તેમણે હાલ તુરત માંડી વાળ્યો અને એજ લાઇનની એમ. એ. ( M. A. ) ની છેક છેલ્લી ડીગ્રી સુધી પહોંચવાનો મજબુત રીતે મન સાથે ઠરાવ કીધો.

હવે એક તો પોતે દરેક રીતે ચપળ હોવા ઉપરાંત અભ્યાસના વિશાળ ક્ષેત્ર પર પણ પોતે સારો કાબુ મેળવ્યો હતો અને તેમના અભ્યાસમાંથી ઘણો વખત ફાજલ પાડી શકાતો જોઈ યુનિવરસિટિના ઓધ્ધેદારોએ તેમની ઘણા આગ્રહ પુર્વક અમદાવાદમાં 'મોહુબત ફેલો' તરફેની નીમણુંક કરી કે જે નીમણુંક પ્રસંગે થયેલા નવા સમાગમને પ્રતાપે તેઓના કેટલા એક અંગત મિત્રોએ તેમના વિચારોનુ સુકાન ફેરવી નાખ્યું કારણ કે તેઓ જાણતા હતા કે જો કદાચ આ કાબેલ માણસ કાયદાનો અભ્યાસી થશે તો ભવિષ્યમાં નામના કાઢવા સાથે એક મોટો શ્રીમંત પણ બની રહેશે તેથી તેઓ

તેમને એ અભ્યાસ માટે અનેક રીતે આગ્રહ કરવા લાગ્યા વળી સમય સંજોગે તેમને પણ ઘણીક રીતે તેઓને આધીન થવું પડ્યું તેઓ લગભગ બે વરસ સુધી કાયદાના અભ્યાસ પાછળ અમદાવાદમાં રહી મચ્યા રહ્યા પણ 'ભાવવિના લાડુ પણ ન ભાવે' તેમ તે અભ્યાસ તેઓને કોઇ પણ રીતે રૂચ્યો નહીં તેથી બે વર્ષ પછી પાછા મુબઇ ખાતે તેઓની 'દક્ષ્ખણ ફેલોશીપ' માં નીમણુંક થતાં પાછો પોતનો માનીતો એમ. એ. અભ્યાસ અગાઉના જેવાજ અનેક ઉત્સાહથી ચાલુ કર્યો.

ખરેખર આપણે આગળ જોઇ ગયા તેમ આત્માનું બળ આ દુનિયામાં શું પરાક્રમો કરી બતાવે છે અને જુની આંખોમાં કેવા નવા નવા ચમત્કારો નાંખી શકે છે? વળી જે આપણે આગળ વધીને જોઇશું તો શું જુના જમાનામાં આ વાતનું કોઇને સ્વપ્નું પણ આવ્યું હશે? કે ઘર બેઠાં આપણે દુરના માણસો સાથે મનગમતી વાતો કરી શકાશું ? અરે એ તો રહ્યું પણ આપણી નવી આંખોમાં પણ આત્મબળે નવો ચમત્કાર બતાવી આપ્યો છે કે કોઇ પણ જાતના સંબંધવિના આપણે ભરદરિયાના ઉછળાતા મોજાઓ વચ્ચે અનેક આનંદ કે આફ્તોની વાતો

આપણે આપણા મિત્રો કે સગા - સ્નેહીયોને સુચવી શકી શું ? અરે ક્યાં ? પ્રાચીન કાળના જંગલોમાં વસ્તા ઝાડ પાલો ખાઇ અને ઝાડ પાન પ્હેરી પોતાની જીંદગી ગુજારતાં જંગલી લોકો અને ક્યાં ? અર્વાચીન કાળના આત્મબળવાળા આદમીઓ કે જેઓએ જાતજાતના રંગબેરંગી વસ્ત્રો અને આભુષણોથી ઓપી નીકળી સંસારમાં સ્વર્ગના સુખોને તાદશ કરી આપ્યાં છે. અરે ! ક્યાં ? પુર્વના નજીવી આકૃતીયોને સૌંદર્યવાન ચિત્રો માનનારા બિચારા પામરજનો ! અને ક્યાં ? આજકાલના સર્વ કળા નિપુણ ચિત્રકારો અને પેન્ટરો કે જેઓ માત્ર એક નજીવા ચિત્રમાં પણ એવા હાવભાવો મુકવાને શક્તિવાન થયા છે કે જે ચિત્ર જોવાથી આપણને એમજ લાગી આવે છે કે જરૂર તે હમણા આપણી સામે આવીને વાતો કરવા મંડી જશે. અહા ! અહા ! વળી આત્મબળે આપણને એ પણ સાબિત કરી આપ્યું છે કે તેવાજ ચિત્રો અવનવા ઢોંગસોંગ કરતા આપણી અનેક અજાયબીયો વચ્ચે નાચી કુદી કુદરતના એક મહાન નમુના રૂપ થઇ આપણને મનગમતી મોજ પણ આપતાં થયાં છે. દુનિયાના ઉસ્તાદ ગાનારા-ઓને તેના દરેક રાગ સ્વરૂપમાં આપણા પાસે ગાતાં પણ

એજ આત્મબળે કીધા છે અને એજ આત્મબળે એક આંખના પલકારામાં કરોડો દીવાઓને પ્રગટાવ્યા છે કે જેને કોઇપણ રીતે જુના જમાનના ચકમક કે નવા જમાનાની દીવાસળીની પણ જરૂર હોતી નથી કહો કયાં રહ્યાં? પ્રાચીન કાળના ચકમકથી હજારો રકઝકે સળગતા દીવેલના માટીના કોડીયાઓ!!! અહા! તેમજ કયાં રહયો એ પોરબંદરનો રહેનાર એક નાના એવા ઘરનો અફીણની ચાકરીનો ઉમેદવાર અને એક નામનો નાનો એવો ઘડીયાળી કે નાટકકાર અને કયાં રહયો? એજ આત્મબળને યોગે આગળ વધેલો મુંબઇની મહાન યુનિવરસિટિના માનિતા ભાષાના પ્રોફેસર મીરઝાં હયરતનો થઇ પડેલો જમણો હાથ એજ પોરબંદરના રહીશોનો માનિતો 'કાસમો' અને મુંબઇની યુનિવરસિટિમાં જાણીતી દખણ ફેલોશીપ ભોગવનાર **મી. કાસમ સુમાર થારિયાણી!!!**

જેમ સમુદ્રનો તાગ નથી પણ દુનિયામાં સમુદ્રો કેટલા છે અને તેની હદ શું છે તેનું જેમ બંધારણ થઇ ચુકયું છે તેમ વિદ્યાના સમુદ્રો પણ મહાઊંડા અને વિશાળ છે છતાં પણ તેની હદ અર્વાચીન કાળના મહાવિદ્વાનો બાંધવાને શક્તિવાન થયા છે અને તે હદોપર એક આત્મબળીયો

આદમી સહેલાઇથી પ્હોંચી પણ શકે છે અને તે હદપર પહોંચવા આપણા આત્મબળીયા યુવાન મી. થારીયાણીનો, ઉત્સાહ જેટલો ને તેટલોજ હજુ જોશ ભેર છે અને વિદ્યાની તે હદને ઇંગ્રેજી ભાષામાં ( master of arts ) માસ્તર ઑફ આર્ટસ અથવા ટુંકી રીતે એમ. એ. ની છેલ્લી ડીગ્રી અથવા પદવી ગણવામાં આવે છે.

એક કામ કરવું અને તેને પરિપુર્ણ રીતે પાર ઉતારવું એ દરેક મનુષ્યનો ખાસ (motto) મુદ્રાલેખ હોવો જોઇએ કારણકે તે વિના આ દુનિયામાં તેવું કોઇપણ કાર્ય સફળ થઇ શકતું નથી અને આપણા ચારિત્રના નાયકે પણ તે મુજબ જોયું કે અમદાવાદ ખાતેનો મારો કાયદાનો અભ્યાસ બેઉ તરફથી આડે આવશે પણ આગ્રહી મિત્રોનાં મન ખુશ રાખવા માટે જો કે તેમણે તે કાર્ય હાથ ધર્યું પણ પાછળથી તુરતજ તેને ત્યાગ્યું અને આખરે પોતાના પહેલા કાર્ય પાછળ મચ્યા રહી તે પર પરિપુર્ણતા મેળવવા તેમણે દ્રઢ નિશ્ચય કર્યો અને વળી આખરે અનેક અન્તરાયબીયો વચ્ચે ઇ. સ. ૧૮૯૩ ના નવેમ્બરમાં એમ. એ. ની માનવંતી ડીગ્રી મેળવી અને સર્વ સાહિત્ય વિદ્યા

સંપન્ન જાહેર થઇ સમગ્ર મુસલમાન કોમને અને ખાસ કરી ખોજા કોમને મગરૂર બનાવી.

જો કે આ સમયે તો એ ડીગ્રીઓ મેળવવી એક સાધારણ મ્હેનતનું પરિણામ થઇ પડ્યું છે પણ તે સમયે તો તે એક મહાભાગ્ન મ્હેનત અને એક મહાન કાર્ય ગણાતું હતું વળી આપણે તેમનું એ કાર્ય એટલા માટે મહાન તરીકે ગણીશું કે તેઓએ પોતાની એ મ્હેનતના ફળ રૂપે આમણે આગળ ચાલતાં જોઇ શકી શું કે તેઓએ આપણી ખોજા કોમને સદાને માટે ઉપકારી અને સદાની કલંક રહિત બનાવી છે.

ખરેખર જમાનાની બલિહારી છે!!! કારણ કે આપણે જોઇએ છીયે કે આજકાલ ખોજા કોમમાં ઘણા એમ. એ. ની પદવી ધરાવવાવાળા મળી આવશે પણ એ પદવી તેઓએ માત્ર પોતાના સ્વાર્થ માટેજ કેમ ધારણ કરી ન હોય તેમ તેઓ પોતાની કોમને કોઇ પણ રીતે ફાયદો કર્તા થતા આપણે જોયા નથી એ એક ઉંડી નજરે જોતા ભારે દીલગીરી ઉત્પન્ન કરાવવાવાળી બિના ગણાયા વિના રહેશે નહીં.

જમાનાની જાગૃતી સાથે હરેક કોમો પોત પોતાની જાગૃતીયો પાછળ એકદમ મચી રહી છે જુના અને જંગલી રીવાજોનો તુરતા તુરત ત્યાગ કરવામાં આવે છે, ધાર્મિક હઠ કે અજ્ઞાનતા ઉપર ઉપયોગી આંકોશો મુકાઇ ગયા છે અભણ અને અજ્ઞાન માણુસોને અનેક રીતે કેળવવાના અસંખ્ય ઉપાયો યોજાઇ અમલમાં પણ મુકાઇ ગયા છે શ્રીમંતો ગરીબને અને કેળવાયલા, અભણોને પોતાથી બનતી હરેક મદદ આપવાને કોઇ પણ રીતે જ્યારે પછાત પડતા નથી ત્યારે હિણુભાગી આ ખોજા કોમને કમનસિબે હજુ જોઇએ તેટલો ઇન્સાફ શ્રીમંતો કે કેળવાયલાઓ તરફથી મળ્યોજ નથી એ શું ઓછી અજાયબીની વાત છે.

ખરેખર એ વાતનો કરેલો ઇશારોજ અત્યારે બસ કરી આપણે હવે આપણા ચરિત્રના નાયકના કેટલા એક ઉપયોગી ફેરફાર તપાસીને અજબ થઇયે કારણ કે જ્યારે મરહુમે એમ. એ. ની પરિક્ષા માન સહિત પસાર કરી અને યુનિવરસિટી તરફથી તેના ડિગ્રી અર્પણ કરવાનો મેળાવડો કે જેને ઇગ્લીશમાં 'કોનવોકેશન' કરીને કહે છે તે જ્યારે ઇ. સ ૧૮૯૪ માં ભરવામાં આવ્યો જે વખતે

યુનિવરસિટીના **'વાઈસ ચેન્સલર'** ઓનરેબલ મી. રામકૃષ્ણ ગોપાળ ભંડારકર C. I. E. M. D. Ph. d. M. R. A. S. એમણે મી. થારીયાણીના ખાસ વખાણ કરી મુસલમાન કોમને મુબારકબાદી આપતા નોંધ લઇ જણાવ્યું હતું કે **'આજસુધી મોહમેડનોમાંથી ફકત એકજ જણ એમ. એ. થયેલ હતો અને આ વર્ષ બીજા મોહમેડન મી. થારીયાણી થયા છે એ એક સંતોષકારક બાબદ ગણાશે'**

ખરેખર આ વિદ્વાન વાઇસ ચેન્સલરના આ ઉપરના શબ્દોથી આપણે જાણી શકીયે છીયે કે લગભગ અઠાવીશ વર્ષના લાંબા ગાળા પછી મુસલમાનોમાંથી ફકત એક બીજોજ ઉમેદવાર એમ. એ. ની પરિક્ષામાંથી પસાર થયેલો હોવો જોઇએ અને તે પદવી તે વખતે કેટલી માન ભરી અને સાથે સાથે કેટલી મહેનત ભરી હોવી જોઇએ તેનો સહજ ખ્યાલ થઇ આવે છે.

ઓ! ખોજા કોમ! ખોજા કોમ!! ખરેખર તે સમયે તારી કેવી ખુશ નશીબી હોવી જોઇએ કે જયારે આખા મુંબઇ ઇલાકામાંના સમગ્ર મુસલમાનોમાંથી એમ. એ. જેવી

મહાભારત મ્હેનતની પહેલી પદવી મેળવનાર અને તને દરેક રીતે ઉજ્જવળ કરનાર તારોજ સપુત મરહુમ મહાનર મુંબઇની મ્યુનિસિપલ કોરપોરેશનમાં બિરાજનાર અને ઇન્ડીયન નેશનલ કોંગ્રેસનો પ્રમુખપણ થનાર, **ઓનરેબલ મોહામદભાઇઇબ્રાહીમ** સાયાણી બહાર પડયો હશે પણ આ વખતે તો તારી તેથી પણ વધુ ખુશ નશીબી ગણાવી જોઇએ કારણ, કે આ સમયે પણ એક તારોજ બીજો સપુત લગભગ પા સદીથી પણ વધુ ગાળા પછી મુંબઇ ઇલાકાના મુસલમાનોમાંથી તે મરહુમ થારીયાણી એજ તને પાછુ એ માન અપાવ્યું.

અહા! પાછું જ્યારે આપણા ચરિત્રના નાયકનું આવું અજબ મનોબળ જોવા ઉપરાંત તેના આવા ખુલ્લા વખાણ થયેલા જોઇ વળી પાછા તેમના અંગત મિત્રો શુધ્ધ અંતઃકરણથી હિતૈષી થઈ આગ્રહ પુર્વક ઉભરાઇ નીકળ્યા અને તેમને ફરી પાછો કાયદાના અભ્યાસમાં અથવા તો સોલીસીટરની લાઇનમાં સપડાવાને સમજાવવા લાગ્યા ત્યારે એક બાજુ તેમનો માનીતો વિદ્યાગુરૂ પ્રોફેસર **મીરઝાં હયરત** પણ તેની આવી ચપળતા જોઇ ઘણો ગરૂર થઇ ચાલુ સાહિત્ય (લીટરેચર) ની લાઇનને વળગી રહેવા અગણીત

પ્રેમભાવ પુર્વક આગ્રહ કરતો હતો પણ માણસ ધારે છે શું અને કુદરત કરે છે શું તેમ હવે મરહૂમના મિત્રોએ તેમના ઉપર અનેક જાતના દીલસોઝી ભુર્યા દબાણો ચલાવવા માંડયા ભવિષ્યની સુધારણાના સહેલા રસ્તાઓ સંબોધી સમજાવવામાં આવ્યું કે સોલીસીટરો આજકાલ અગણિત કમાણીયો કરતા જાય છે અને તમારે માટે પણ એ લાઇન દરેક રીતે ઉત્તમ અને યોગ્ય જણાય છે માટે તમારે બીજો કોઇપણ વિચાર ન કરતાં તેમાં જોડાવું એ ઘણુંજ ઇચ્છવા જોગ છે.

દુનિયામાં મિત્ર પ્રેમની કેટલી પ્રબળતા હોય છે એ આપણે મરહુમના જીવનપરથી જોઇ શકીએ છીએ કે તેઓની કોઇપણ રીતે મરજી ન હોવા છતાં મિત્રોની નિખાલસ માગણીયોને માત્ર માન આપવા ખાતર, તેઓ પોતાની અનેક આશાઓને પોતાના અંતરમાંજ સમાવી દઇ, મુંબઇની તે સમયે અગ્રગણાતી **મી. દીક્ષીત અને ધનજીશાહ** નામની સોલીસિટરની પહેડીમાં મોટી રકમનું નાણું આપી બંધાઇને પોતાની માનિતિ ફારસીભાષાનો સબંધ અથવા સમાગમ રડતે દીલે મુલતવી રાખવા તત્પર થયા અને ખરૂં કહીયે તો મજકુર પ્હેડીમાં તેઓ એક **આરટીકલશીપમાં**

જોડાયા ખરેખર આ વખતે જ્યારે તેમના ખયેરખ્વાહ મિત્રો ખુશી થયા પણ તેમના વિદ્યાગુરૂ પ્રોફેસર મીરઝાં હયરતને કેટલોએક રંજ પેદા થયો કારણકે તેઓ સારી રીતે જાણતા હતા કે હવે તો મારી બુઝુર્ગ અવસ્થા થઇ છે અને મારા છુટા થવા પછી મારી ખુરશીને શોભાવનાર હું મી. થારીયાણી સિવાય બીજા કોઇને જોઇ શકતો નથી જ્યારે મી. થારીયાણી પોતેજ તેનો ત્યાગ કરવાને તત્પર થયા છે.

વખતના વેહેવા સાથે મરહુમે મજકુર સોલીસીટરોની ઑફીસમાં પોતાનો અભ્યાસ અને ઉમેદવારી જો ખરૂં કહીયે તો તૂટેલે દીલે ચાલુ રાખ્યાં જેથી કેટલીએક રીતે માણસોમાં પોતાને વગોવવાનાં કારણભુત બન્યા કારણકે તેમની દીલ ઇચ્છા તો માત્ર એજ હતી કે હું એક વખત ફારસી ભાષાનો પ્રોફેસર કહેવરાવીશ અને બીજા કોમને માથે સર અરસકીન પેરીએ મુકેલું એ કાળું કલંક દુર કરીશ ત્યારેજ મને શાંતી થશે તેથી તેમણે કેટલા એક રીતે ચાલુ નવો અભ્યાસ છોડી દેવાને ઘણાએ પ્રયત્નો અજમાવ્યા પણ તેમાના કેટલાંએક બંધનો તેમને મુકત કરી શકયા નહીં અને તે બંધનોની મુદત પુરી કર્યા સીવાય બીજો કોઇ ઇલાજ હાથ રહયો નહીં.

લગભગ બંધનોની મુદત પુરી થવા આવી અને કુદરત પણ આત્મ બળીયા માણસને જાણે મદદ ન કરતી હોય ! તેમ ખોજા કોમના કર્મ સંજોગે યુનિવરસિટિમાં દખ્ખણ ફેલોશીપવાળી જગ્યા વળી પાછી ખાલી પડી અને યુનિવરસિટિ તરફથી પાછી તેમને માટે આગ્રહ પુર્વક માગણી પણ થઇ અને તે માગણી વળી તેમના વિદ્યા ગુરૂ પ્રોફેસર મીરઝાં હયરતની ખાસ ઇચ્છા પુર્વક હોઈ, અને મરહુમને પણ ચાલુ બંધનોમાંથી મુક્ત થવાને એક બ્હાનું મળેલું જોઇ તુરત તે બંધનોનો ત્યાગ કરી અને યુનિવરસિટિની તે લાગણીને માન આપી ફરી એક વખતે દખ્ખણ કોલેજના ફેલો તરીકે પાછા યુનિવરસિટિમાં જોડાયા કે જે જોડાણ હવે પછી તેમની જીંદગી પર્યંતનું હતું અને રહ્યું.

અહા ! કુદરત ! ! કુદરત તારી બલિહારી છે ! ! ! હાલાને તું હલાવે છે ત્યારે ભરતાને પણ તુંજ ભરે છે એક માણસની પુરી કસોટી કર્યાવિના તું કદાપિ પણ તેને પુર્ણતાએ પહોંચાડતી નથી તેમજ જ્યારે તેં આ ચરિત્રના નાયકને ચારે તરફથી થાકેલો કંટાળેલો અને પોતાનાજ

અસલી વિચારો પર અંતે આવેલો જોયો ત્યારેજ તેપણ ખરેખર તારી અકળીત લીલાનો એક નમુનો તુરતેજ તાદર્શ કરી દીધો કારણ કે જ્યારે મરહુમ થારીયાણી હવે દ્દઢ મનથી એવા નિશ્ચય પર આવ્યા હતા કે મારે મારી જીંદગી હવે આડાં આવળાં દરેક ફાંફાંઓ છોડીને માત્ર (લીટરેચર) સાહીત્યની લાઇનમાંજ ગુજારવી અને જેટલી બની શકે તેટલી તેને દીપાવવી ત્યારેજ કુદરતે તેમના તે કાર્યમાં આવી દ્દઢતા જોઇને યારી પણ આપી અને એવાજ કુદરતી સંજોગોને લઇ આ સમયે માણસોમાં કેલવણીનો પ્રચાર વધતોજ ચાલ્યો હતો દિવસે દિવસે યુનિવરસિટિ હસ્તકની કોલેજોમાં વિદ્યાર્થીઓની સંખ્યાઓના આંકડા પણ વધતા ગયા અને આ સમયે વળી વિદ્યાર્થીઓ પણ પોતાની સેકન્ડ લેગ્વેજ (ઇંગ્રેજી સાથની બીજી ભાષા) તરીકે ફારસી ભાષાને વધુ પસંદગી આપતા જણાયા અને જે માટે (P. E.) પ્રીવીયસ એકઝામીનેશનના કલાસોથી તે ભાષાના વિદ્યાગુરૂ પ્રોફેસર મીરઝાં હયરત માત્ર એકલાજ હતા અને હવે તો તેઓને એક ખાસ મદદનીશની જરૂર જણાવા લાગી અને પ્રોફેસર થારીયાણી તરફ તેમની વહાલું દીલપણ કુદરીતે રીતે ઘણુ

જોશ ભેર ખેંચાવા લાગ્યું પણ હાલ તુરત તેઓ કંઇપણ તેવી સગવડ કરી શકવાને અશક્ત જણાયા પણ લોહચુંબક જેમ લોહને ખેંચતાં આડી અવળી ચીજોની દરકાર કરતું નથી તેમ શુધ્ધ હૃદય રૂપ લોહચુંબકના ખેંચાણમાં આડે આવતી અડચણો દુર કરવાનો કૂદરતેજ સમય લાવીને ઉભો રાખી દીધો એટલે કે ઇ. સ. ૧૮૯૬ ના વખતમાં કૉલેજમાં હસ્તી ભોગવતી **સંસ્કૃત શાસ્ત્રી શીપ**ની બે જગ્યાઓમાંથી એક અણધાર્યા સંજોગોને લઇ ખાલી પડી, જે તકનો લાભ લઇ પ્રોફેસર મીરઝાં હયરતે પોતા માટે એક મદદનીશની યુનિવરસિટિ પાસે માગણી કરી અને તેમાં ખાસ મી. પારીયાણી માટે પોતાથી બનતી દરેક ભલામણો પણ લખી મોકલી જેથી યુનિવરસિટિના ઓધેદારોએ પણ તે પર વાજબી વિચારો ચલાવી સંસકૃતશાસ્ત્રી તરીકેની બે જગાઓમાંથી એકને કાયમની ખસેડવાનું દુરૂસ્ત ધાર્યું અને તેને બદલે 'ઍસીસટન્ટ પ્રોફેસર ઑફ પરસીયન' અથવા 'પ્રોફેસર ઓફ ઓરીયેનટલ લૅંગ્વેજીસ' નામની એક નવી નીમણુંક ઉભી કરવાનું નક્કી કર્યું અને વળી તે જગા મી. પારીયાણીનેજ આપવામાં આવી કારણકે પ્રોફેસર મીરઝાં હયરતની હવે વૃધ્ધાવસ્થા થઇ આવી હતી અને તેઓ સારી રીતે

જાણુતા હતા કે મારી પાછળ મશ્ા ખુરશીને શોભાવનારો હું મી. થારીયાના સિવાય હાલ તુરત બીજા કોઇને પણ જોઈ શકતો નથી તેવી પ્રોફેસર મીરઝાં હયરતની સખત ભલામણ હોવા છતાં પણ તે નીમણુંક માટે કેટલાએક અદેખાઓ તરફથી જાતીભેદના વિચારોનું બ્હાનું લઈ કેટલાએક વાંધાઓ રજુ કરવામાં આવ્યા અને તેને વળી કેટલાએક તરફથી અણુઘટતું ઉ-તેજન મળવાથી તે વિરૂધ્ધ વિચારોનું વમળ ઠેઠ મુંબઇ ઇલાકાની લેજીસલેટીવ કાઉન્સીલમાં પહોંચડાવામાં આવ્યું પણ વિદ્યાને શું? જાતિભેદના સબંધ સાથે કંઇ લાગે વળગે છે જ્યારે સંસકૃત ભાષા ખાસ હિન્દુઓનીજ ગણાય છે ત્યારે શું? તે ભાષાના પ્રોફેસરો બીજી જાતોમાં નથી? અરે હું કહું છું કે છે. અને તેઓએ એ ભાષા પાછળ એટલી બધી નવી નવી શોધ ખોળો ચલાવી છે. કે જે એ ભાષાની મગરૂરી ધરાવનારાઓએ પણ કદી સ્વપ્ને જાણીએ નહીં હશે અને તે એજ પર જાતીનો સંસકૃત ભાષાનો પ્રોફેસર છે કે જે લગભગ પોતાની એ શોધ ખોળોને પ્રતાપે આખી દુનિયામાં જાણીતો છે. અને તેણે પોતાનીએ નિશાની માટે હિન્દુ રીવાજ મુજબનું એક સંગ્ના નામ '**ભટ**' તરીકેનું ધારણ કર્યું જ્યારે તેનું

આખું નામ 'ભાટ મેક્સ મુલર' છે. આવી રીતે જ્યારે વિદ્યાને કોઇપણ રીતે વિરૂધ્ધતા હોતી નથી, એ મહાસુત્રાનુંસાર છેવટે મી. થારીયાણીની નીમણુંક વિશેનો વિરૂધ્ધ વિચાર પણ વિસારો મુકી હેવો પડયો અને અદેખાઓ આખરે અંજાઇ ગયા.

જો કે પ્રોફેસર થારીયાણીની આ નવી નીમણુંકની જગાનો પગાર તદન નજીવો હતો અને આવા જાતીભેદોના વિચારોને લઇ પ્રોફેસર મીરઝાં હયરતની જગાવાળા ચાન્સ પર પહોંચી શકાય કે નહીં તે પણ ઘણે અંશે શકમંદ હતું છતાં આ વખતે પ્રોફેસર થારીયાણી અજબ હિમંત ત્થા પુર્ણ દ્રઢતા બતાવી તેને વળગી રહ્યા જ્યારે કુદરતે પણ તેમની આવી પુર્ણ કસોટી જોઇ એટલે લગભગ અઢી વર્ષ પછી એટલે ઈ. સ. ૧૮૯૮ ના જુન માસમાં પ્રોફેસર હયરત પોતાની લાંબાગાળાની નોકરીમાંથી રીટાયર્ડ અથવા મુક્ત થયા ત્યારે વળી પાછા તે ખુરશી માટે અનેક વાંધાઓ રજુ કરી અનેક ઉમેદવારો બહાર પડયા તેઓએ પોતાની વડાઈ અથવા તો સ્વાર્થ માટે એ સવાલ ઉભો કીધો કે પ્રોફેસર થારીયાણીની માતૃભાષા કંઈ ફારસી નથી કે નથી તેઓ ઇરાનના અસલવતની જ્યારે એવા ઇરાનના અસલ-

વતનીયોમાંથી ઘણાઓના નામો રૂજુ કરવામાં અવ્યા હતા પણ એ ખુરશી કંઇ નવા સવા કે શિક્ષણ આપવાને માટે શિખાઉને કોઇપણ રીતે લાયક નહોતી. તે એક અસાધારણ જોખમ અને અનેક જવાબદારીયોથી ભરેલી જગા હતી અને તેવી જવાબદારીકે તેવું જોખમ સ્હેલથી ખેડી શકવ મી. થારીયાણી પોતાના અનુભવને લઇને દરેક રીતે લાયક હતા અને એ બાબતમાં કોઇપણ રીતે શક હતોજ નહીં તેથીજ આખરે મી. થારીયાણી ઉમેદવાર થઇ શુભ પરિણામ રૂપે જો 'ખરૂં કહીયે તો ખુલ્લી કોર્ટમાં સરે અરસકોન પેરીએ ખોજા કોમ માથે મુકેલા એ કાળા કલંકને ભુસાવવા અને ખોજા કોમમાં ફારસી ભાષાનો પ્રોફેસર પણ છે ' એ પોતાની અડગ પ્રતિજ્ઞા પરિપુર્ણ કરવા મીરઝાં હયરતના મળેલા ટેકાથી બહાર પડયો અને ત્યારથીજ જો ખરૂં કહીયે તો ખોજા કોમ માથેનું કાળા ધાબા રૂપ ગ્રહણ સદાને માટે દૂર થયું અને હવે પછી ખોજા કોમની વિદ્યા-ચડતીનો સુર્ય પુર્ણ જોશથી પ્રકાશવા માંડયો એટલે કે સમગ્ર કોમને ઉજ્વળ કરનાર એજ કોમનો સપુત પોતાના આત્મબળના પ્રભાવે, આત્મબળથી આગળ વધવા ઇચ્છતા જવાનોને ધડારૂપ થઈ, પોરબંદરના એક ગરીબ ખોજા

માબાપનો દીકરો, અફીણ વેચનાર, નાનો એવો ઘડીયાળી અને પોરબંદરમાં '**કાસમો**' એવા હુલામણા નામથી જણાયલો આજે આખા મુંબઇ ઇલાકામાં સર્વોપરિગણાતી અને વિદ્યાનું મોટું મથક મનાતી પ્રખ્યાત એલફીન્સ્ટન કૉલેજનો ફારસી ભાષાનો વડો વિદ્યાગુરૂ એટલે '**પ્રોફેસર કાસમ સુમાર થારીયાની**' તરીકે પોતાની અમર નામના કાઢવા માટે બહાર પડયો.

અહા!, આજનો તે સોનેરી સમય હતો કે જેને માટે ખોજાકોમ ખરેખરી તરસ્તા દિલે કંઇ વર્ષોથી રાહ જોતી હતી અને આ તેજ સમય હતો કે જેને માટે પ્રોફેસર મીરઝાં હયરત પણ પોતાના એક પ્રિય ચેલાને પોતાની ખુરશી ઉપર બેસારવાને તનમનથી તલપી રહેલો હતો અને વળી આ તેજ સમય હતો કે જેને માટે ખોજા કોમનો એક સપુત પોતાની કોમ માટે એક ભિષ્મ પ્રતિજ્ઞા પરિપુર્ણ કરવા કંઇ વર્ષોથી પોતાના આત્મબળના યોગે મહા મ્હેનતે મથ તો હતો અને આખરે એ સર્વ સમય પણ આવી પહોંચ્યો સર્વ ઉમેદો પાર પડી ખોજા કોમના માથાપરનું મ્હેણું હમેશને માટે ભાંગ્યું અને હવે ત્યારથી સોનેરી અક્ષરે લખાઇ પણ ચુકયું કે '**ખોજા કોમમાં ફારસી ભાષાનો પ્રોફે-**

સર પણ છે.' અહા! અહા! તે કેવો સમય હોય છે કે જ્યારે એક માતાને કંઇ સંતાનની પ્રાપ્તી હોતી નથી પણ જ્યારે અનેક નિરાશામાંથી એકાદ આશાનું બિંદુ પ્રગટ થઇ તે આશા સફળ થાય છે અને તેજ માતાને એક પુત્રની દૈવયોગે પ્રાપ્તિ થાય છે ત્યારે તે માતાની ખુશીની અવધિ કેટલી હોવી જોઇએ?

જ્યારે આપણા ચરિત્રના નાયક મી. થારીયાણીની એક પ્રોફેસર તરીકે નીમણુંક થઇ ત્યારે તેમની શરૂઆતની કસોટી લેવા તેમને એક લેકચરર તરીકે નેમવામાં આવ્યા જો કે આ કામ ઘણું સખત અને મ્હેનથી ભરેલું હતું છતાં તેની કંઇપણ દરકાર ન કરતાં તેને પોતાની બાહોશી અને આત્માના બળના યોગે ઘણાજ ઉત્સાહથી ઉપાડી લીધું અને પોતાની કસોટી કરનાર તે વખતના 'પ્રિન્સિપાલ હોથોર્ન્થ બેઇટ' ને બતાવી આપ્યું કે કસોટીમાં ફતેહમંદ થવું એજ પોતાનું કર્તવ્ય છે મરહુમનું આવું આત્મબળ જોઇ તે પ્રોફેસર અને પ્રિન્સિપાલ પણ ચકિત બની ગયો અને ત્યારથી પોતાના ખરા અંતઃકરણથી તેનો એક ચાહકપણ થઇ રહ્યો.

ખરેખર આવા સખત કામની તેઓને માથે જ્યારે જંજાળ આવી પડી હતી છતાં તેને ન ગણકારતાં પોતાની માનીતી લાઇનને તેઓએ આવી પસંદગી બતાવી પેલી સોલીસીટરની આરટીકલશીપને તરછોડતાં આ સમયે મી. ચારીયાણીયે પોતાના અંગત મિત્રોને એક પત્રદ્વારા લખી મોકલ્યું કે '**આજથી મેં મારા ગળામાંથી તોક સદાને માટે કહાડી નાખ્યું છે અને (લીટરેચર) સાહિત્યના ફુલોની માળા ગળામાં પ્હેરી લીધી છે.**

અલબતાં બી. એ., એમ. એ., કે પ્રોફેસરની ડીગ્રીઓ તે સાહીત્યની ડીગ્રીઓ ગણાય છે અને તે સર્વ ડિગ્રીઓ પોતે પણ મેળવેલી હોવાથી હવે તે બાબતમાં જરૂર કંઇ અજવાળું પાડવું જોઇએ તેથી તેમણે જોયું કે આજકાલ જમાનો માત્ર નવિનતાનેજ ગ્રહણ કરનારો છે વળી દરેક વસ્તુ સુધારાની ખામી રહિત હોઇ શકેજ નહીં, તેથી તેઓએ ફારસી ભાષાની ટેકસ્ટ બુકો તરફ પોતાનું મન રોકયું અને જોયું કે તે સર્વ જુની ફારસી ભાષાના રૂપમાં લખાયલી છે અને તેને હવે તેવાજસ્વરૂપમાં વધુ વખત રહેવા દેવી એ ઉચિત ન લાગ્યું તેથી તેમણે ચાલુ જમાનાના કર્તાઓની નવી બુકો દાખલ કરવાનું ખંતથી

ચાલુ કીધું અને થોડાજ વખતમાં એકા ઉમદ અને નવા જમાનાને બરનું સરસ સીલેકશન (ચુંટણી) કરી ફારસી ભાષાનો આખો કોર્સ સંપુર્ણ રીતે તાબે કરવામાં તેઓ ફતેહમંદ નિવડયા.

ત્યારબાદ કૉલેજની લાયબ્રેરીમાં પેલી ફારસી ભાષા-ની ચોપડીયોમાં કેટલાએક સુધારો કરી નવી ચોપડીયો ઉમેરવાનું તેઓને દુરૂસ્ત લાગ્યું અને તે પાછળ પોતાનું સર્વ તનમન રોકી અને નવી ચોપડીયો. દાખલ કરી બિચારી લાયબ્રેરી સાથે તે કોલેજના ફારસી ભાષાના વિદ્યાર્થી-ઓને પણ કેટલેક અંશે ઉપકારી કર્યા કારણ કે હાલમાં પણ મજકુર કોલેજમાં ફારસી અને અરેબીક ભાષાના પુસ્તકોનો જે સંગ્રહ જોવામાં આવે છે તે તેઓની અથાગ કોશેશના શુભ પરિણામનો એક અચુક પુરાવો છે ઉપરાંત તેઓ વારંવાર એક પરિક્ષક તરીકે વખત પસાર કરવા સાથે અને પોતાની તબીયતપણ અવાર નવાર નબળી રહેવાનાં સબબે તેઓ જો કે સાહિત્યમાં કંઇ વધુ ન કરી શકયા પણ મરહુમ પ્રોફેસર મીરઝાં હયરતની કેટલીક છુટી છવાઇ કવિતાઓની પ્રસ્તાવના લખવા ઉપરાંત તેમણે મરહુમ મૌવલાના જલાલુદીન રૂમીની મશનવી નો ગુજરાતી

ભાષામાં તરજુમો કરવાનો અને મહાન ફારસી કવિ શીરદોસીના શાહ નામાના ટીકાઓ લખવાનો સંપુર્ણ ઇરાદો રાખ્યો હતો પણ તેવણની બિમારી આપણને તેમના તરફની એવી કોઇપણ પ્રસાદી અપાવવાને દરેક રીતે આડી આવીને ઉભી રહી.

લોર્ડ બેકન કહે છે કે હે! માણસ તુ તારી જુવાનીમાં જીંદગી રૂપી જમીનમાં એવા બી રોપી રાખજે કે તને વૃદ્ધાવસ્થામાં તેના સારાં ફળો પ્રાપ્ત થાય.

× × × × ×

સર વોલ્ટર સ્કોટે કહ્યું છે કે દુનિયાના મહાન કામો ઘણે ભાગે જુવાનો એજ કીધાં છે જ્યારે બુઢ્ઢાઓએ તો તે પર માત્ર ટાપટીપજ કરી છે.

× × × × ×

મહાન નાટય ગુરૂ શેકસપીયર કહે છે કે જે માણસ જુવાન થઇ બુઢાપાને યાદ કરતો નથી તે બુઢો થઇ જુવાનીને યાદ કરી રડે છે.

ખરેખર જેણે ઉપરના જગપ્રસિધ્ધ વિદ્વાનોના મહાવાક્યોનું એક ચિતે સ્મરણ કરી તેનું યથા મનન કર્યું

હશે અથવા તો કોઇ કરશે તો હું ભાર મૂકીને કહું છું કે તે આ જહાંન? અને પેલી જહાનને પણ ઘણીજ સહેલાઇથી તરી ગયો હશે અથવા તો નિશ્ચય તરી જશે. આત્માનું બળ જેટલું જુવાનીમાં ઉન્નત હોય છે તેટલું વૃધ્ધાવસ્થામાં તે શાંત અને કાર્ય સિદ્ધિમાં મંદ હોય છે તેમજ આ ચરિત્રના નાયકે પોતાની જુવાનીનો પુરતો સદ ઉપયોગ કરી એક મહાન કાર્યનો કર્તા થઈ પડયો કે જેવું કાર્ય હજુ આપણે ઘણી દીલગીરી સાથે જોઇ શકીયે છીયે કે ખોજા કોમમાંથી એકપણ સપુત તેની બરોબરીયો થઇ શકવાને શકતીવાન થઇ સકયો નથી અરે! તેવી નજીવી એવી ઉમેદવારી પણ કરી શકયો નથી એ શું? ઓછી દીલગીરીની વાત છે? શુ? આજે ખોજા કોમમાં કેલવણીની કદર ઓછી થાય છે? નહીં! આજકાલ આપણે જોઇ શકીયે છીયે કે ખોજાકોમમાં દરવરસે નવીન દાકતરો, વકીલો, બેરીસ્ટરો કે સોલીસીટરોનો વધારો થતોજ જાય છે પણ સાહિત્યની લાઇનમાં તો ખોજા કોમ ઘણે અંશે પછાતજ છે. અરે ક્યાં પારસી જેવી પળમાં ગણી શકાય તેવી નાની કોમ અને ક્યાં! તેના સાહિત્ય વિલાસી વિદ્વાનોની વિશાળતા અને વળી ક્યાં તેમના દરેક સંસારિક, કે સામા-

જીક પુસ્તકોના સંગ્રહની સંખ્યા? !!! ખરેખર આ ઉપરથી આપણે એજ અનુમાનપર આવી શકીયે છીયે કે જરૂર આ બાબતનું કંઈ બીજુંજ કારણ હોવું જોઇએ અને લાંબો વિચાર કરતાં આપણને જણાઈ આવે છે કે જો સંસારીક કે સામાજીક સાહિત્યમાં આપણે પછાત હોઇએ તો તેના આપણેજ ગુન્હેગાર ઠરીયે છીયે અને તેનું કારણ પણ એજ છે કે 'ધાર્મિક વિરૂદ્ધતા.'!!!

અહા! જ્યારે આપણે આપણા ધર્મના વિરોધીઓ તરીકે ગણતા હિન્દુઓ, પારસીઓ, અથવા તો યહુદી ક્રીશ્ચીયનો વિગેરેને હાલની કેળવણી તથા સુધારાને પ્રતાપે પોતાના ભાઇજ માફક સમજતા શીખ્યા છિયે ત્યારે આપણે આપણા જાતીભાઇનેજ ધર્મને બહાને દરેક સંસારી રીતીયોમાંથી અળગો કરવાને જરાપણ અચકાતા નથી!!! ખરેખર ખોજાકોમમાં આ કેવો ઇન્સાફ કહેવાય?! અરે બીજી કોમમાં તેની કેટલી હલકાઈ ગણાય?? તેનો ઓ! આજકાલના આગળ વધતા યુવાનો!! શું તમોએ તમારા અવકાશને વખતે એક જરાપણ વહાલથી વિચાર કર્યો છે??? કહો?? કહો? શું આ સુધરેલા સમયમાં તમારી ખોજા કોમ માથે તે એક કાળું કલંક નથી ગણાતું???

ત્યારે શું ? આ ચરિત્રના નાયકે જેમ ખોજા કોમના માથા-પરતું એક કલંક દૂર કરવા અડગ પતિજ્ઞા લીધી હતી, અને તેપર મક્કમ રહી તેને પોતાના આત્મબળના યોગે પાર પાડી હતી તેમ શું ? ઓ ! આત્મબળીયા યુવાનો ! ! તમારા માંનો કોઇપણ તેવું કલંક દુર કરવા શકિતવાનથી ? અરે તેવી પ્રતિજ્ઞા તો બાજુએ રહી પણ આવા શુભકામની ઉપયોગી ચળવળ ઉત્પન કરી શું અમર નામનાને તમો નથી ઇચ્છતા ! ? શું કોઈ લગભગ એક દાહેકો થયાં તેવું એક પણ કાર્ય પોતાની કારકીરદીમાં નોંધાવવાને શકિતવાન થયો છે ? ? જુઓ જુઓ ! આજ-કાલ તમારામાના ઘણા બેરીસ્ટરો, વકીલો કે ડાકતરો થઈ અનેક તુટેલા સબંધોને જોડી શકશે પણ ખુદ પોતાનીજ કોમમાં ધર્મની વિરૂદ્ધતાને લઈ ઘર સંસારના તુટેલા સબં-ધોને જોડવા શું તમો શકિતવાન થશો ? ? ઓ ! આત્મ-બળીયા મહાપુરૂષ ખોજા કોમના વહાલા સપુત **થ.રીયા-જી** ! ! ! આવ તારી જુવાનીના ઝળકતા જુસ્સાઓ આજ-કાલના ઉજળા થઇ ફરતા પણ પોતાની દુખીમાતાને વીસ-રતા એવા જુવાનીઓના દીલમાં જઇ તેઓને પોતાની કોમનું કલંક કેમ ટાળવું તે શીખાવ ! ! ! ખરેખર દુનિ-

યામાં નામના કરવી એ મહાભારત કાર્ય આત્મબળીયા આદમીનુંજ છે ! બસ આ ઉભરાઓ અત્યારે આપણે અહીંજ બંધ કરી હવે આપણે આપણા ચરિત્રના નાયકની કેટલીએક સંસારિક તથા માંનસિક સ્થિતિને તપાસીયે.

આપણે શરૂઆતના વાકયોથી જાણી શકયા છીયે કે મરહુમ પ્રોફેસર થારીયાણીની બાલ્યાવસ્થામાં તેમના માબાપની સ્થિતિ ઘણીજ તંગ હતી તેમનાથી કેટલીએક પરાઇ મદદોના આશરા હેઠળ મુંબઇ જવાયું હતું અને મુંબઇમાં પણ તેઓ અનેક ઉપાધીઓ વેઠીને સાહિત્યને લગતી ડીગ્રીઓ મેળવવાને ભાગ્યશાળી થયા હતા અને ત્યાર પછી જો કે કેટલાએક રીતે પોતાની તન્દુરસ્તીનાં ભોગે કઇંક સુખી જીંદગી ગુજારતા જો આપણે તેમને ગણીયે તો તે વાજબી ગણાય પણ ખરૂં જોતાં તો તે તેમનું ખરૂં સુખ ન હતું અને તે ખાસ ખોજા કોમમાટેજ પોતાની જીવતોડ મ્હેનતનું પરિણામ હતું તો પણ અંતે પોતાનું એ કાર્યસિદ્ધ થયેલું જોઇ તેઓ હમેસાં પોતાને દરેક રીતનું સુખ મળેલું ગણુતા પોતે વેઠેલી અનેક વિટંબનાઓથી તેઓ જાણી શકયા હતા કે ગરીબી અને તેનું દુખ કેવું છે! આ અનુભવ તેઓને હમેશાં ગરીબોના દુખી અતઃકરણ તરફ ખેંચતો

જેની લાગણીયોને લઈ તેઓ હમેશાં પોતાથી બનતી યથા શકિત મદદ તેવા ગરીબોને આપવા તત્પર રહેતા અને ગરીબોના બેલી તરીકે ગણાતા ખરેખર અત્યારે ગુજરાતના પ્રખ્યાત કવિના શબ્દો મને સાંભરી આવે છે કે.

**જેને વિતિ હોય તે જાણે**
**અજાણ્યો કંઈ ન જાણેરે-જે**

સરળ ભાષામાં લખાયલા ઉપરના શબ્દો આજકાલના બચપણથીજ બાદશાહી દોર દમામમાં ઉછરાયલા કેટલાએક ખોજા શ્રીમંતોને આપણે જોઇએ છીયે તો આબાદ લાગુ પડી આવે છે કારણ કે બારીક નજરે તપાસ કરતાં જો આપણે જોઇશું તો માલુમ પડી આવશે કે આપણી ગરીબ કોમને જેટલી રીતે મદદ કરવાને તે શ્રીમંતો શકિતવાન અને ફરજથી બંધાયલા છે તેટલીજ રીતે તેઓના અંતકરણમાં પોતાની ગરીબ કોમની ગરીબીનો કંઇપણ અનુભવ ન હોવાને લીધે તેઓ ખરેખર બેદરકાર દીસેછે જો કોઈ માણસ સવાલ કરશે કે શુ? ત્યારે ખોજા કોમમાં સખાવતો નથી? તો હું તેને હીમંતથી કહીશ હું છું કે જેટલા પ્રમાણમાં ખોજા કોમની વસ્તી છે અને જેટલા પ્રમાણમાં ખોજા કોમના શ્રીમંતો આગેવાની દરજ્જો ભોગવે છે તેટલા પ્રમાણમાં

ખોજા કોમમાં હસ્તી ભોગવતી સખાવતો માત્ર નામ-નીજ ગણાશે ખુદાજાણે ! કોમના શ્રીમંતો કે આગેવાનો આવી અગત્યની બાબતઉપર શા માટે આંખ વિચામણા કરી રહ્યાહશે? મહાન કવિ મિલટન કહેછે કે 'દુનયામાં તેજ મોટો છે કે જેનું મન મોટું છે' અને તેટલાજ માટે ઉરદુ ભાષાની આ કહેણી પણ જોડાઇ હશે કે **દીલ ગની રહેમતુલ્લા માલગની લાનતુલ્લા.**

દયા ધર્મકો મુળ હે, પાપ મુળ અભિમાન
**તુલસી** દયા ન છાડીયે, જબ લગ ઘટમેં પ્રાન

અહા! દયા!! દયા!!! જો તું માણસોના મનમાં નહતે તો પરોપકારની પૃવત્તિ આ પૃથ્વીપર પ્રસરાતેજ નહીં તારા રહેઠાણવાળું હૃદય હમેશાં વિદ્વાનોએ મોટુંજ ગણ્યું છે અને તું પણ એક કુદરતની બક્ષીસજ છે જેથી હું પણ કહું છું કે 'જે માણસના શરીરમાં દીલ નથી તે માણસ નથી અને જે દીલમાં દયા નથી તે દીલજ નથી.' ખરેખર તેમજ આ ચરિત્રના નાયકનું હૃદય તારા રહેઠાણ માટે એક વિશાળ ક્ષેત્ર હતું જ્યારે મરહુમ થારીયાણી પોતાની નાદુરસ્ત તબીયતને અંગે વાંદરા ખાતે હવા બદલાવા

માટે ગયા હતા તે વખતે પોતાના જવા આવવાના માર્ગમાં તેઓ હમેશાં સેંટપીટર્સના દેવળપાસે એક ગરીબ ભિખારી છોકરાને એક ભયંકર કોઢની બિમારીથી પિડાતો દેખતા. છોકરાની આવી સ્થિતિ જોઇ તેમને ઘણું લાગી આવતું અને તેથી તેના ભરણપોષણ માટેનો સઘળો બંદોબસ્ત બરાબર સાંચવતા છોકરાનો ચહેરો ખરેખર કોઇ તેણે અગાઉ સારા દિવસો ભોગવ્યા હશે તેની બરાબર નિશાની રૂપ હતો એક પ્રસંગે મરહુમે તેને વિષે કેટલીએક-પુછપરછ કરી તો જણાયું કે છેલ્લા સવંત ૧૯૫૬ ના ભયંકર દુકાળમાં તેના માબાપ સારી સ્થિતિવાન હોવા છતાં પણ દુકાળનો ભોગ થઇ પડયા હતા અને તેને લીધે અનેક અડચણો દુખો, અને આફતો વેઠી આખરે મરણ પામ્યા હતાં અને ત્યારથી છોકરો લાવારસ થઇ રખડી રવડી પોતાનું પેટ ભરતો જેથી છેવટે બિચારો દુખ ઉપર ડામ જેમ આ ભયંકર રોગમાં સપડાઇ ગયો હતો આ સાંભળી મરહુમના રદયને ઘણું લાગી આવ્યું અને હવે પોતાને તેજ દિવસે વાંદરા છોડી જવાનું હતું, ઉપરથી પોતાની નાદુરસ્ત તબીયતને લીધે તેઓ સખત માજુર બની ગયા હતા છતાં પણ તેની દયા ખાઈ પોતે કેટલીએક તકલીફ ઉઠાવીને પણ

તે છોકરા માટે માટુંગા ખાતેના 'લેપર એસાયલમ' માં દાખલ થવા માટેનો એક ખાસ વજનદાર ભલામણ પત્ર મેળવી આપ્યો હતો.

બસ ! સમજુ દીલને દયાનો આ એક દાખલો બસ થશે કારણ કે અશ્વને સદા ઈશારોજ બસ હોય છે આટલું બતાવીને હું એજ કહેવા માગું છું કે આજકાલ સર્વ કોઈ જાણે છે કે ખુદ ખોજા કોમના સુંસારી વ્હેવારરૂપી શરીરને એ છોકરાના દરદથી પણ એક અધિક ભયંકર એવો રગત પીતનો મહા ત્રાસદાયી રોગ લાગુ પડયો છે કે જેને માટે ખાસ જુવાન ખોજા દાકતરોની ઘણી અગત્ય છે તો શું ? તેવો કોઇ ખોજા કોમનો આત્મબળીયો યુવાન નહીં નીકળી આવે ? શું કોઇ કોમની દયા નહીં ખાય ? અરે ફીટો !! ફીટો !! ઓ ફીમંગી યુવાનો બિચારી ખોજા કોમને હવે તમારાં જેવા યુવાન દાકતરોની ઘણી જરૂર છે તેને કંઇ બીજા ડિગ્રીવાળા ડાકતરોની મદદ માટે બેસી રહેવાની જરૂર નથી આવો સુધારો તેના સંસારીક શરીરને આમ કયાં સુધી તેને સડતું રહેવા દેશો ! અરે નહિ તો એ રોગને લઇ આખરે તેના હાથ પગો ખવાઇ જશે તેથી જો તમારામાં એક જરાપણ કોમાભિમાનનો જાહેર જુસ્સો હોય તો

તેને સારા રસ્તે જલ્દી બહાર પાડો અને એવી શુભ શરૂઆ-
તનું બીડું ઝડપી ઓ ! જુવાનીઆઓ તેવી પ્હેલ કરવા તુરત
તત્પરથાઓ ધાર્મીક યાદ રાખો સારા કામની શરૂઆ-
તમા તમને સેંકડો સંકટો આડે આવીને ઉભા રહેશે પણ જો
તમારૂં આત્મ બળ દ્રઢ નિશ્ચયવાળું હશે તો તે સેંકડો
સંકટો તો શું પણ એવી અબજો આફતને પણ તમે
સહેલાઇથી પગની એક ઠોકરે કરી ઝટ દુર કરી શકશો
જુઓ યાદ કરો ! ! કોલમ્બસ લાંબી સફરની પ્હેલ કરવા
ન નીકળ્યો હત તો શું અમેરીકા ખંડની શોધ થઇ હતે ?
નેપોલીયન જેવા આખી દુનિયાને ધ્રુજાવનાર મહાન યોધ્ધા
સામે થવા બહાદુર સિપાહ વિલિંગટને હિંમત કરી તો
તેને પણ વિજય મળ્યો ! ! તેમજ આ જમાનાનો મહાન
તત્વવેત્તા શોધક એડીસન પણ પોતાની નવીન શોધની
શરૂઆત જ્યારે માણસોને કેહેતો તો તે માત્ર મશ્કરીનો
ભોગજ થતો હતો તે કદી પણ વિસારો નહીં વકીલ
ડૉકટર સોલીસીટર કે બેરીસ્ટર થઇ પોતાના પગ નિચેનું
બળતું રાખી ડુંગરપરના દાવાનળની દરકાર ન રાખો
કારણ કે ડુંગર ઉપરનો દાવાનળ તો ઘણાઓ જોઇ
શકશે. પણ તમારા પગ નીચે બળતાનો અનુભવ તો ફક્ત

તમો એકલાનેજ હોય છે ગાય માટે આવેલું અથવા મળેલું પ્હેલાં ગાયનેજ મળવું જોઇએ તેમજ તમારી પ્રેમ રૂપી ગાયનો હક તમોને મળેલા જ્ઞાન ઉપર પહેલો પહોંચે છે તે બરાબર સમજી લ્યો નહીં તો તેથી ઉલ્ટી રીતે વર્તનારની દુનિયા શું ગણત્રી કરે છે તે પુરતી રીતે સમજો હું ધારૂં છું કે ઓ! મારી કોમની ઉમંગી યુવાનો આ ચરિત્રના નાયકનો દાખલો તમારે માટે પુરતોજ થઇ પડશે માટે વધુ કંઇ ન બોલતાં આપણા આ ચરિત્રને આગળ ચલાવીને જોઇએ કે મરહુમ પ્રોફેસર ધર્મની બાબતમાં શું વિચારો ધરાવતા હતા——

આપણે તેમના ધર્મના વિચારોની કંઇપણ ચુનેચરા કર્યાં અગાઉ મુંબઇની એલફીન્સ્ટન કોલેજમાં પ્રગટ થતા 'એલફીન્સ્ટોનિયન' નામના એક ઇંગ્રેજી ત્રિમાસિક પત્રમાં એક નિ:સ્પૃહી લેખકે તેવણની જીંદગીનો ટુંકો પણ હૃદયભેદક ચિતાર ઇંગ્રેજી ભાષામાં રજુ કર્યો છે જેમાંથી આપણે તેમના ધર્મ સંબંધી વિચારોવાળી બાબત ઉતારી લઇશું તો આ પ્રસંગે તે ઘણી ઉપયોગી થઇ પડશે કારણ કે મજકુર ઇંગ્રેજી વૃતાંતનો લેખક એક માહીતગાર હોવો

જોઇએ અને જેણે મરહુમ માટેના ધર્મ સંબંધે જે ઉમદા વિચારો ટાંકયાં છે તે ખરેખર દરેક માણસને ધડો લેવા જોગ થઇ પડયા વિના રહેશે નહીં જે સદાબુરોં લેખ નિચે મુજબ છે—

In the matter of religion his views were exccedinghy broad. He lookedat every religion more from an ethical than from a symbolic point of view and had not a word to say against any system, simply because it differed in its out word form from this one or that.

" Pagodas like as mosques
are home of preyer
" Tis prayer that Church
bells chime unto the air
Yea Church of Ka'ba Rosary
and Gross
Are all but diverse tongues
of world wide prayer

ઊપરની સર્વ લીટીઓનો ભાવાર્થ એ છે કે

મંદાર અને મસજીદ સહુ એ બંદગીના સ્થાન છે
ભલેને દેવળે ઘંટો હવા માંહે ચડીને વાગતા
તસબી કિંવામાળા અને એક્રૉસ જીબ્હારૂપ છે
સઘિ ફેરવે એક ચિત્તથી રહેવા પ્રભુને જાગતા,

અહા ! તેજ મુજબ તેઓનો ધાર્મિક મુદ્રાલેખ અસલ થીજ એ હતો કે મનુષ્ય માત્ર ભાઇ છે. દેવળો, મંદીરો કે મસજીદોમાં ભણાતી બંદગીઓ તે માત્ર આ સૃષ્ટિને ઉત્પન્ન કરવાની એક કુદરતી શકિતને માટેજ છે અને તેથી કોઇ પણ પ્રકારે માણસોમાં ધર્મની અન્યતાને લઇ જુદાઇ નજ હોવી જોઇએ. ખોજા કોમ જો કે ત્રણ જમાતોમાં વહેંચાયલી છે પણ તે દરેકમાંથી તેઓ પોતાને ખોજા કહેવરાવવાને હમેશાં બહુ મગરૂર રહેતા. કારણ કે ધર્મની જુદાઇ એ માન્યતાની અખત્યારી છે. તેમાં કોઇથી કાંઇ બોલી શકાયજ નહી માટે એવી ગુંચવણીભરી બાબતોથી તેઓ તદન નિરાગી હતા અને દયા, નિતિ, અને સત્ય એ તેમની ધાર્મિક માન્યતાનો મુખ્ય પાયો હતો વળી તેઓ સારી રવેશે જાણતા હતા કે ધાર્મિક જુદાઇએ બનવાજોગ છે અને એ જુદાઇમાત્ર ધાર્મિક કાર્યોમાંજ

હોવી જોઇએ આવી તેમની અડગ અને ઉત્તમ વૃતિને લઇ તેઓ દરેક કોમમાંથી કોઇ સુમાર વિનાના. અંગત મિત્રો મેળવી શકયા હતા જો કે તે સમયે બોહોરાઓમાં ધાર્મિક ફાટ પડવાથી કેટલીએક ગેરસમજુતી ઊભી થઇ હતી અને તેને પરિણામે કેટલાંએક રોટી અને બેટી વ્હેવાર તુટતા ચાલ્યા હતા તે જોઈ તેઓ ઘણાજ ખંચવાતા પણ તિક્ષણ અને ઊછરતી તે સમયની ધાર્મિક લાગણીયો દબાઇ શકે તેવી સ્થિતીમાં બિલકુલ નજ હતી તેથી આવી બાબતમાં તે સમયે તેમના તરફથી કોઈ પણ ચળવળ ન થઇ શકી હોય તે બનવાજોગ છે. પણ હવે જમાનાએ પોતાનું પાણી બતાવી આપ્યું છે અને ધર્માંધતાને જડ મુળથી ઊખેડી રહયો છે. પણ તેવી ચળવળને હવે તાદર્શ કરવાને ખરેખર કોઇ હિંમતવાન અને આત્મ બળીયા યુવકોની ખાસ જરૂર છે અને આપણે એ પણ આશા રાખી શકશું કે હવે એ પણ વખત આવશે કે ધાર્મિક વિવાદોને દુર કરી વિખુટી પડેલી સમગ્ર બોહોરા કોમ પાછી પોતાના સંસાર વ્હેવારનાં એકત્ર થઇ પોતાની અગાઉની જાહોજલાલીને ફરી એક વખત કોઇ નવાજ સ્વરૂપમ તાદર્શ કરવાને સર્વરીતે શકિતવાન થાઓ આમીન આમીન આમીન.

આપણુ ખોજા કોમની એક સંપીના અનેક તરંગોમાં ફર્યા પછી અને ' સંપ એજ ફિરતારની ચાહના 'વાળા મહાવાક્યનું મન સાથે દૃઢ મનન કર્યા પછી, આ ફાની દુનિયામાં 'જનમવું તેમરવા માટે' એ કહેતીને અનુસરીને તે સંબધે બોલાયલા થોડાએક શબ્દો તપાસીયે. પાક કુરાનેમજીદમાં કહેલું છે કે—

અઇન્મા માતકુનુ યુદરી કોમુલ મૌતો વલવ કુન્તુમ ફી બોરૂજીમ મોશય્યદહ:

અર્થ—તમે ગમે ત્યાં હશો તો પણ મોત તમને પકડી પાડશે અગર જો કે તમો મજબુત બાંધેલા કિલ્લામાં હશો.

× × × ×

એક ફારસી કવિ કહે કે;—

અય ! આદમ દુ ચીઝ અસ્ત કે ફરામુશ ન બાયદ કર્દ. યકી ખુદા, દુવ્વુમ મર્ગ.

અર્થ—હે ! આદમ બે ચીઝ એવી છે, જે તું ભુલતો નહીં. એક તો ખુદા, અને બીજુ. મોત.

ખરેખર આ નિચેનું વાકયુ પણ એજ બતાવે છે.

Verily, thou shalt dvie, and verily they shall die

અર્થ:-ખરેખર, તું મરી જશે અને ખરેખર સર્વનો પણ નાશ થશે તેજ મુજબ ખરેખર આ દુનિયામાં કોઇ અમર નથી. એક દીવસ સર્વને મરવાનું છે. જુઓ આ દુનિયામાં ઘણાઓ આવ્યા અને ચાલી પણ ગયા તેમ ઘણાઓ આવશે અને ઘણાઓ ચાલી પણ જશે. પણ મરવા છતાં પણ તેજ જીવતો છે, કે જેણે આ દુનિયાને દ્રષ્ટાંત રૂપે કોઇપણ એવું કાર્ય કર્યું હશે. અમેરિકા દેશને સદાને માટે સ્વતંત્રા અપાવનાર મહા વિરપુરૂષ જયોર્જ વૉશીંગટન, જો પોતાના દેશની લાગણીને ખાતર ન લડયો હોત. અરે! પોતાના જીવના જોખમે શત્રુની સૈન્યમાં ન પડયો હોત તો શું? આજે અમેરીકા જે આબાદાની ભોગવી રહયું છે તે શું? કદીપણ ભોગવત?

અને આજે એ મહાવિર પુરૂષના ચોતરફ દુનિયામાં જે ગુણ ગાન ગવાય છે તે શું ગવાતે? તેમ શું આ જમાનામાં ખોજા કોમની સંસારીક સ્થિતિને સુધારવા કોઇ એક પણ આત્મ બળીયો જુવાન નહીં નીકળી આવે? કાળ

કાળને ખાય છે. તેમ હું ધારૂં છું કે એ બાબતના કરેલા સંકલ્પો તુરતજ તાદશ થઇ આવશે. અને આ ચરિત્રના નાયક જેમ ખોજા કોમની અજ્ઞાનતા માટેના ટિકાઓને ભુંસી નાખી 'ખોજા કોમમાં ફારસી ભાષાનો પ્રોફેસર' એ શબ્દો કહેવરાવી ગયા તેમ. એક વખત એવો પણ આવશે કે ધાર્મિક વિરૂદ્ધાતે જડમુળથી તોડી પાડનાર ખોજા કોમમાં સ્વતંત્ર વિચારવાળા જુવાન, કે જુવાનીયાઓ ખડે પગે ઉભા રહી પોતાનું એ મકકમ કાર્ય ઘણા હર્ષ અને પુર્ણ જોશભેર ચલાવી તેને ફેલાવી રહ્યા છે.' જો કે હમણા તો આપણી એ મકકમ મનની માત્ર આશાઓ છે પણ હવે તે ફળીભુત થવાને સમય નજદીક આવતો જણાય છે જેથી આપણે સર્વ પણ ઇચ્છશું કે તે સમય આવી આપણા સામે ઉભો રહે અને આપણે પણ તેને આપણાથી બનતીદરેક મદદ આપવાને તઇયાર રહીયે. ખુદા સર્વની સારી ઉમેદો પાર પાડો.

હવે આમણે આ ચરિત્રના નાયકના મર્ણની નોંધ લેવ અગાઉ એક બોધ રૂપે તેમના વાંચનના શોખની વીગત તપાસી જઇએ તો જણાય છે કે મરહુમ પાસે અરબીક, ફારસી, ઇંગ્રેજી અને ગુજરાતી પુસ્તકો મળી લગભગ પાંચ

છ હજાર રૂપિયાની કિંમતના હતાં. જો કે આ સાંભળી આપણે અજબ થઇશું કે જ્યારે મરહુમે લગભગ પોતાની જીંદગીનો જાજો વખત તો ગરિબીમાં ગુજાર્યો છે, ત્યારે આટલી સંખ્યાના પુસ્તકો તેમણે કેવી રીતે મેળવ્યાં? પણ આપણને સહજ ખ્યાલ થઇ આવશે કે પોતે એક ગરીબ માણુસ હોવા છતાં પણ ફારસી ભાષાના પ્રોફેસરની પદવી પર પ્હોંચવાને જે સર્વ રીતે સામર્થવાન થયા હશે તેને પુસ્તકો તરફ કેટલો પ્રેમ હોવો જોઇએ? ખરૂં છે કે '**તન શોભાવવા કપડું ખરીદવા કરતાં મન શોભાવવા પુસ્તક ખરીદવું એ વધું ઉત્તમ છે**'.

ખરેખર! મરવું એ મિથ્યા નથી તેમ આ ચરિત્રના નાયકે પોતાની ઉગતી જીંદગીમાં વેઠેલી મહા વિટંબનાઓ અને અનેક સંકટોને લઇ શરીરમાં છુપાઈ રહેલાં દરદો વધતી ઉમરે ઉગી નીકળ્યાં અને ખરૂં કહએ તો તેમના સુખના દિવસોમાં તેઓ વખત જોઇ એક સખત હુમલો લઇ આવ્યાં જેથી ગરીબીમાં પોષાયલું અને ગરિબિથી શોષાયલું મરહુમનું શરીર એ હુમલો નહી સહી શકવાથી તદન અશક્ત બની તવાઈ ગયું જો કે મરહુમે દેવલાલી, માથેરાન, લોનાવલા અને એવા બીજા હવાખાવાના

મથકોને ઘણાં બદલ્યાં પણ દીવસે દીવસે શરીરવધુ અને વધુ ઘસાતું ચાલ્યું અને સર્દ બની ગયેલા સ્નાયુઓમાં (રૂમેટીઝમ) સંધીવા, અને મેલેરીયા તાવનું ભયંકર ઝેર પણ ભરાતું ગયું 'કુદરત પાસે માણસ સદા લાચાર' તેમ અનેક બાહોશ ડાકટરોની ચાંપતી સારવાર હોવા છતાં એ ભયંકર દરદોએ ખોજા કોમના એ વિર પુરૂષનો લગભગ (૩૬) છત્રીસ વર્ષની ભર જુવાન વયે, પોતાની સ્ત્રી, ત્રણ બેટીઓ અને એક બેટાને સદાને માટે આ સંસારી સંબંધથી છોડાવી, તેમને રડતા કરી, કેટવાએક અંગત મિત્રોના અંતઃકરણમાં સખત આઘાત કરી, અવનવી આશાઓને ઉલ્ટાવી નાંખી, આખરે અંત આણ્યો. અને પોતે પણ પોતાની કોમ પ્રત્યેની પહેલી ફરજ બજાવી, તે પેદા કરનાર પાક કિરતારના દરબારમાં હાજર થવા માટે ચાલુ જમાનના જવાનીયાઓને આગળ વધવા, એક દાખલા રૂપ થઈ સદાની ઉંઘમાં સુઇ ગયો!!!

ગયો ! ! ખોજા કોમનો તે સપુત આરબી અને ફારસી ભાષાનો ખોજો પ્રોફેસર ગયો અને સદાને માટે ગયો પણ અફસોસ ! ! ! સાહિત્યની એ કદર ખોજાકોમ ખરેખર તેના માટે જીંદગીભરનું એક મહામેણું વ્હોરતાં જરા પણ અચકાઇ નહીં જેને માટે ફરિયાદ કરતાં મરહુમ

**બૅરિસ્ટર જાફરભાઇ રહેમતુલ્લા** ખોજા કોમના ઇતિહાસમાં બળાપો કરતાં બોલી ગયા છે કે 'જે કોમમાં ઈ. સ. ૧૮૪૭ ની સાલમાં એકપણ એવો પુત ન હતો કે જે અરબી અથવા ફારસી ભાષા જાણતો હોય તેજ કોમનો એક સપુત ઈ. સ. ૧૮૯૮ ની સાલમાં મુંબઈ ઇલાકાની સર્વથી વડી કોલેજના આરબી અને ફારસી ભાષાના વડા ગુરૂ (Professor) નેમાય એ ખોજા કોમને જેવું તેવું માન મળેલું કહેવાય નહીં. પોતાની વિદ્યાના કીરણોના પ્રકાશથી પોતાની કોમને આવી રીતે દીપાવનાર પ્રોફેસર **કાસમ સુમાર થારીયાણી એમ.** એ છે, એ માન ખોજા કોમને મળ્યું તેને આઠ વરસ વિતિ ગયાં છે, છતાં ખોજા કોમને એ માન મળ્યું તેની ખબર વકીક હોય એમ જણાતું નથી. જો કોઈ ખોજો **ખાન સાહેબ** થાય છે, અથવા તેને **જસ્ટીસ ઓફ ધી પીસ** બનાવવામાં આવે છે, અથવા કોઇ ખોજો અભ્યાસ અર્થે યુરોપ જાય છે કે તરત તેના માનમાં મેલાવડા કરવામાં આવે છે. પણ જ્યારે સર્વથી વધુ મોતેબર માન મળ્યુ ત્યારે તેઓ ગફલતની ઉંઘ કહાડતા જણાય છે. એ ગફલતી નિંદ્રામાંથી કયારે જાગૃત થશો ? અને લાયકને લાયક માન કયારે આપશો ! પ્રોફેસર કાસમ એક માર્ગી અને સાદા સ્વભાવના હોવાથી કોઈબી પ્રકારના મેળાવડા ગડ-

અડ કે જાહેર પીછાણુ ચાહતા નથી પણ ખોજા કોમે પોતાની ફરજ ભુલી જવા જોઈતા નથી—ખોજા કોમ પોતાની નોક જાળવી રાખશે અને ગફલતી અને બેદરકારીના આરોપમાંથી પોતાને મોકળી કરશે.'

ખરેખર ખોજા કોમ માટે મરહુમ બેરીસ્ટરે વાપરેલા શબ્દોનું જો આપણે અંતરથી અવલોકન કરીશું તો ખોજા કોમની સાહિત્યની બેદરકારી માટેનીફરીયાદોને પણ ખોજા કોમ ગણકારેએલી માલુમ પડી નથી અને હું કહું છું કે તે સર્વ ગુન્હો મારા જુવાન વર્ગનોજ છે અને તેવી દરેક ચળવળો ઉપાડી લેવાને માટે મા ત્રજુવાનીયાઓજ ફરજથી બંધાયલા છે. ખેર! આ વિષય પર ઘણા વાક્યો અગાઉ ચીમકી રૂપે બોલાઇ ગયા છે. તો પણ હાલમાં હસ્તી ભોગવતી ખોજા કોમ માંહેલી **એસોશીઅનો, યુનીયનો, કે કલબો** આવી સાહિત્યની બાબતોનો સમય આવે તેના ઉપાસક થઇ સુન થઇ ગયેલા શ્રીમંતો કે આગેવાનોનેઉઠાડવાને સદાય તન મન ધનથી તત્પર થાઓ એવી દુઆ આપણે હમેશાં તે રહીમોકરીમ પાસે માંગતા રહીશું અને તે કિરતાર આપણી તે દુવાઓ કબુલ કરશે. આમીન. આમીન. આમીન.

**સમાપ્ત.**

## છપાય છે ! છપાય છે ! ! છપાયછે ! !

ખોજા કોમની બાળકીઓ અને કન્યાઓ માટે એ
ઉમદા અને સુબોધક ઘર સંસારી વાર્તા.

# સુગરાનું સંકટ.

જેમાં હાલના ખોજા સંસારને લગતા અગત્ય વિષયોને સમાવી, શિક્ષણ રૂપ થઇ પડે એવા હેતુ બાગ્ર પણ સાદી અને રસીલાગી મુકવામાં આવી છે વાર્તા પુરી કર્યા સિવાય મુકવા ગમશે નહી.

**કીંમત ફક્ત છ આના.**

**જલદી નામ નોંધાવો.**

**ફીદાહુસેન યુસુફ વરતેજવાળા.**

ડુંગરી સ્ટ્રીટ, નં. ૯ મુંબઇ.

ધી એક્ષલ પ્રીંટીંગ વર્કસ, ૧૦, પારસી બજાર સ્ટ્રીટ
મધે મહુમદહુસેન થારિઆ રોપણ એ પ્રગટ
કરનાર માટે છાપી. અને ફિદાહુસેન યુસુફ
વરતેજવાલાએ નં. ૧૦૨ ડુંગરી
સ્ટ્રીટ મધે પ્રગટ કીધુ.